પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૫૬, કુલ પાના:૪, તારીખ: ૨૩-૦૬-૨૦૨૧ બુધવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 256 PRICE :-RS. 1.50 DATE : 23-06-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ટૂ-વ્હીલર માટે ૨૦ હજાર અને ફોર-વ્હીલર માટે દોઢ લાખ સબસિડી

## આગામી ચાર વર્ષ માટે રુપાણી સરકારે ઈલેક્ટ્રિક વ્હિકલ પોલિસી જાહેર કરી



ગાંધીનગર,
ગાંધીનગર ખાતે યોજાયેલ પ્રેસ કોન્ફરન્સને સંબોધન કરતા મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. વિદેશથી આયાત કરવી પડી રહી છે ત્યારે ત્યારે પેટ્રોલ-ડીઝલની ખપત થાય તે માટે ગુજરાતમાં ઈલેક્ટ્રીક વ્હીકલ પોલીસી લાગૂ કરવામાં આવી છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, આ ઈલેક્ટ્રીક વ્હીકલ પોલીસી અંતર્ગત ૪ વ્હીલરમાં ૧.૫૦ લાખ, થ્રી વ્હીલરમાં ૫૦ હજાર અને ટૂ વ્હીલરમાં ૨૦ હજારની સબસિડી આપશે સરકાર. દેશભરમાં ગુજરાત રાજ્ય પ્રથમ છે જ્યાં ઉદાર રીતે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

રૂપાણીએ કહ્યું કે, આવનારા ચાર વર્ષમાં આ નીતિ અંતર્ગત બે લાખ ઈલેકટ્રીક વાહનો રાજ્યના માર્ગો પર આવશે તેવી સ્પષ્ટ ધારણા સાથે લક્ષ્ય નિર્ધારીત કરવામાં આવ્યું છે. તદઅનુસાર, ૧ લાખ ૧૦ હજાર ટૂ વ્હીલર, ૭૦ હજાર થ્રી વ્હીલર અને ૨૦ હજાર જેટલા ફોર વ્હીલર આગામી ૪ વર્ષોમાં રાજ્યમાં આવશે તેવો અંદાજ છે.

તો આ સાથે જ તેમણે કહ્યું હતું કે, એટલે કે આગામી ચાર વર્ષમાં ૨ લાખ ઈલેકટ્રીક વાહનો ગુજરાતના માર્ગો પર યાતાયાત માટે આવશે ત્યારે ઓછામાં ઓછા આશરે પાંચ કરોડ રૂપિયાની ઈંધણ બચત થશે તથા અંદાજે ૬ લાખ ટન જેટલું કાર્બન ઉત્સર્જન ઘટશે તેવો અંદાજ રાખવામાં આવ્યો છે.

આ સંદર્ભમાં તેમણે વધુમાંજણાવ્યું કે, રાજ્ય સરકાર ઈલેકટ્રીક વાહનોની ખરીદી માટે વાહનના કિલોવોટ દિઠ રૂ. ૧૦ હજારની સબસિડી આપશે. સમગ્ર દેશમાં ગુજરાત આવી પ્રતિ કિલોવોટ સબસિડી આપવામાં અગ્રેસર રાજ્ય છે એમ તેમણે ગૌરવ સહ જણાવ્યું હતું. મુખ્યમંત્રી રૂપાણીએ એમ પણ જણાવ્યું કે દેશના અન્ય રાજયો આવી સબસીડી પ્રતિ કિલોવોટ વધુમાં વધુ રૂ. ૫ હજાર આપે છે જ્યારે ગુજરાતમાં એનાથી બમણી એટલે કે પ્રતિ કિલોવોટ રૂ. ૧૦ હજારની સબસીડી આપણે આપવાના છીએ. આના પરિણામે ચાર વર્ષમાં રાજ્ય સરકાર રૂ. ૮૭૦ કરોડનો બોજ વહન કરશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આવા ઈલેકટ્રીક વાહનોમાંની બેટરીના ચાર્જીંગ ઈન્ફ્રાસ્ટ્રકચરની સુવિધાઓ વિકસાવવાની બાબત પણ આ પોલિસીમાં સાંકળી લેવાઈ છે તેમ જણાવ્યું હતું. તેમણે આ અંગે કહ્યું કે, ભારત સરકારની ઈલેકટ્રીક વ્હીકલ પ્રોત્સાહન યોજના (ફ્રેમ-૨) અન્વયે રાજ્યમાં ૨૭૮ જેટલા ચાર્જીંગ સ્ટેશન મંજૂર થયેલા છે. રાજ્ય સરકાર આ ઉપરાંત વધુ ૨૫૦ ચાર્જીંગ સ્ટેશન ઊભા કરવા રૂ. ૧૦ લાખની મર્યાદામાં ૨૫ ટકા જેટલી કેપિટલ સબસિડી પૂરી પાડશે. આમ, આગામી વર્ષોમાં સમગ્ર રાજયમાં ૫૨૮ જેટલા ચાર્જીંગ સ્ટેશનનું નેટવર્ક ઊભું થશે.

- ★ ચાર વર્ષમાં રાજ્ય સરકાર રૂ. ૮૭૦ કરોડનો બોજ વહન કરશે.
- ★ ૪ વર્ષમાં રાજ્યના માર્ગો પર ૨ લાખ ઈલેકટ્રીક વાહનોના ઉપયોગનું લક્ષ્ય.
- ★ હોટલો પાસે ચાર્જિંગ સ્ટેશનો ઊભાં કરવામાં આવશે.
- ★ રાજ્યમાં ૫૦૦ સ્થળે ઈ -વાહન ચાર્જિંગ સ્ટેશન ઉભા કરાશે.

## મ.પ્ર, આં.પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના તમામ જિલ્લાઓમાં પેટ્રોલ ૧૦૦ને પાર




ન્યુ દિલ્હી,
દેશમાં પેટ્રોલ-ડીઝલની કિંમતો મંગળવારના એકવાર ફરી વધી ગઈ છે. રાજધાની દિલ્હીમાં પેટ્રોલ ૨૮ પૈસા મોંઘું થઈને ૯૭.૫૦ અને ડીઝલ ૨૬ પૈસા મોંઘું થઈને ૮૮.૨૩ રૂપિયા પ્રતિ લીટર વેચાઈ રહ્યું છે. જૂનમાં ફ્યૂલની કિંમતોમાં આ ૧૨મી વખત વધારો કરવામાં આવ્યો છે. આ દરમિયાન પેટ્રોલ ૩ રૂપિયા ૨૭ પૈસા અને ડીઝલ ૩ રૂપિયા ૦૮ પૈસા મોંઘુ થઈ ચુક્યું છે. આનાથી દેશના અડધાથી વધારે રાજ્યોમાં પેટ્રોલ ૧૦૦ની પાર નીકળી ગયું છે.

દેશના ૧૪ રાજ્યોમાં પેટ્રોલ ૧૦૦ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયું છે. મધ્ય પ્રદેશ, આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના તમામ જિલ્લાઓમાં પેટ્રોલ ૧૦૦ રૂપિયા પર પહોંચી ગયું છે. તો બિહાર, તેલંગાણા, કર્ણાટક, જમ્મુ-કાશ્મીર, પંજાબ, મણિપુર, ઓરિસ્સા, ચંદીગઢ, તમિલનાડુ અને લદ્દાખમાં પણ અનેક જગ્યાએ પેટ્રોલ ૧૦૦ રૂપિયા લીટરને પાર નીકળી ગયું છે. મે મહિનાની વાત કરીએ તો આમાં પેટ્રોલ-ડીઝલની કિંમતમાં ૧૬ વાર વધારો થયો. આ દરમિયાન પેટ્રોલ ૪.૧૧ અને ડીઝલ ૪.૬૯ રૂપિયા મોંઘું થયું છે. આ વર્ષની વાત કરીએ તો ૧ જાન્યુઆરીના પેટ્રોલ ૮૩.૯૭ અને ડીઝલ ૭૪.૧૨ પર હતુ, જે અત્યારે ૯૭.૫૦ અને ૮૮.૨૩ રૂપિયા પ્રતિ લીટર પર છે. એટલે કે ૫ મહિનાથી પણ ઓછા સમયમાં પેટ્રોલ ૧૩.૫૩ અને ડીઝલ ૧૪.૧૧ રૂપિયા મોંઘું થયું છે.

દુનિયાભરમાં કોરોનાના નવા કેસોમાં સતત ઘટાડો અને વેક્સિનેશનની વધતી ગતિથી આર્થિક ગતિવિધિઓ ખુલી છે. આનાથી ફ્યૂલ ડિમાન્ડ ઝડપથી વધી રહી છે. પરિણામ સ્વરૂપ કાચા તેલની કિંમતો આકાશને આંબી રહી છે. ગ્લોબલ બ્રોકરેજ હાઉસ બેંક ઑફ અમેરિકાએ એક રિસર્ચ નોટ જાહેર કરી છે. તેણે આ નોટમાં કહ્યું છે કે, બ્રેન્ટ ક્રુડની કિંમતો આ વર્ષે અને આવતા વર્ષે ઉપર રહેશે. આ ઈંધણના સપ્લાય અને માંગના આધાર પર વધશે. આનાથી ૨૦૨૨માં કિંમતો ૧૦૦ ડૉલર પ્રતિ બેરલને પાર થઈ જશે. નોટમાં કહેવામાં આવ્યું છે કે અમારું માનવું છે કે વૈશ્વિક સ્તર પર ઈંધણની જબરદસ્ત માંગથી રિકવરી થશે.

આનાથી આવનારા દિવસોમાં પેટ્રોલ-ડીઝલના મોંઘા ભાવોથી રાહત મળવાની સંભાવના નથી. અત્યારે ક્રુડ ઓઈલ ૭૫ ડૉલર છે. પેટ્રોલ-ડીઝલની વધતી કિંમતો અને મેન્યુફેક્ચરિંગનો ખર્ચ વધવાથી જથ્થાબંધ મોંઘવારી દર રિકોર્ડ લેવલ પર પહોંચી ગયો છે. કૉમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી મિનિસ્ટ્રી પ્રમાણે જથ્થાબંધ મોંઘવારી દરમાં ૧૨.૯૪ ટકા પર પહોંચી ગયો છે. આ મે ૨૦૨૦માં -૩.૩૭ ટકા રહ્યો હતો.

### મોદી રાજમાં શક્ય છે: અમદાવાદમાં પેટ્રોલ કરતાં ડિઝલ મોંઘું બન્યું

અમદાવાદ,
પેટ્રોલ-ડીઝલની કિંમતમાં ફરી વધારો થયો છે. સરકારી તેલ કંપનીઓએ એક દિવસની સ્થિરતા બાદ ઈંધણની કિંમતમાં વધારો કર્યો છે. પેટ્રોલની કિંમતમાં ૨૮ પૈસા પ્રતિ લીટરનો વધારો થયો છે. બીજી તરફ ડીઝલ પણ ૨૬ પૈસા પ્રતિ લીટર મોંઘુ થઈ ગયુ છે. બીજી તરફ ઈન્ટરનેશનલ માર્કેટમાં કાચા તેલની કિંમતમાં સામાન્ય નબળાઈ જોવા મળી હતી. આજના વધારા બાદ દેશના પાટનગર દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૭.૫૦ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલની કિંમત ૮૮.૨૩ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ છે.

અમદાવાદમાં પેટ્રોલ ૯૪.૪૧ રૂપિયા પ્રતિ લીટર વહેચાઈ રહ્યુ છે જ્યારે ડીઝલ ૯૫.૦૩ રૂપિયા પ્રતિ લીટર વહેચાઈ રહ્યુ છે. ડીઝલમાં ૩૦ પૈસાનો વધારો થયો છે જ્યારે પેટ્રોલમાં ૨૯ પૈસા પ્રતિ લીટરનો વધારો થયો છે.

રાજસ્થાનના શ્રીગંગાનગરમાં પેટ્રોલ ૧૦૮.૬૭ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૧૦૧.૪૦ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયુ છે. મધ્ય પ્રદેશના અનૂપ શહેરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ૧૦૮.૩૦ રૂપિયા પ્રતિ લીટર અને ૯૯.૩૧ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયુ છે. મહારાષ્ટ્રના પરભનીમાં પેટ્રોલ અને ડીઝલનો ભાવ ૧૦૪.૭૩ રૂપિયા પ્રતિ લીટર અને ૯૫.૩૧ રૂપિયા પ્રતિ લીટર વહેચાઈ રહ્યુ છે.

ભોપાલમાં પેટ્રોલનો ભાવ ૧૦૫.૭૨ રૂપિયા અને ડીઝલ ૯૬.૯૩ રૂપિયા પ્રતિ લીટર વહેચાઈ રહ્યુ છે. બેંગલુરૂમાં પેટ્રોલનો ભાવ ૧૦૦.૭૬ રૂપિયા અને ડીઝલ ૯૩.૫૪ રૂપિયા પ્રતિ લીટર વહેચાઈ રહ્યુ છે. હૈદરાબાદમાં પેટ્રોલનો ભાવ ૧૦૧.૩૩ રૂપિયા અને ડીઝલ ૯૭.૨૭ રૂપિયા પ્રતિ લીટર છે. જયપુરમાં પેટ્રોલનો ભાવ ૧૦૪.૧૭ રૂપિયા અને ડીઝલ ૯૭.૨૭ રૂપિયા પ્રતિ લીટર છે.

### ગુજકેટ-૨૦૨૧ની પરીક્ષા માટે ૨૩ જૂનથી ઓનલાઈન ફોર્મ ભરાશે



અમદાવાદ,
ગુજરાત બોર્ડના ધો. ૧૨ના પરિણામ જાહેર થતા પહેલા જ ગુજકેટની પરીક્ષાના ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ડીગ્રી એન્જિનિયરિંગ, ડીગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા એ,બી અને એબી ગ્રુપના વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારો માટે ગુજકેટ ૨૦૨૧ની પરીક્ષાની માહિતી પુસ્તિકા અને ઓનલાઈન ફોર્મ ભરવાની સૂચનાઓ www.gseb.org પર મૂકવામાં આવી છે. ઉમેદવારો ગુજકેટ-૨૦૨૧ની પરીક્ષાનું ફોર્મ બોર્ડની વેબસાઈટ www.gseb.org ŒÚkk gujcet.gseb.org પરથી ૨૩ જૂનથી ૩૦ જૂન ૨૦૨૧ સુધીમાં ઓનલાઈન ભરી શકાશે. આ માટે ઉમેદવારે ૩૦૦ રૂપિયા પરીક્ષા ફી ભરવાની રહેશે. જેને ઓનલાઈન અથવા દેશની કોઈપણ SBI બ્રાન્ચમાં જઈને ભરી શકાશે.

## દેશના ત્રણ રાજ્યોમાં ડેલ્ટા+વેરિએન્ટની એન્ટ્રી: મહારાષ્ટ્રમાં ૨૧ કેસ નોંધાયા




ન્યુ દિલ્હી,
કોરોનાની બીજી લહેર દેશ પર કહેર બનીને તૂટ્યો અને હજારોની સંખ્યામાં લોકોએ પોતાના જીવ ગુમાવી દીધા. એટલું જ નહીં કોરોનાનું ડેલ્ટા વેરિઅન્ટ ભારત જ નહીં પરંતુ દુનિયાના કેટલાંય દેશોમાં પ્રકોપ ફેલાવી રહ્યો છે. હવે તેનું વધુ એક નવું વેરિએન્ટ જન્મ લીધો જેને ડેલ્ટા પ્લસનું નામ આપ્યું છે. ભારતના કેટલાંય રાજ્યોમાંથી આ નવા વેરિએન્ટના કેસ આવવાનું શરૂ પણ થઈ ચૂક્યું છે. દેશના ત્રણ રાજ્યો મહારાષ્ટ્ર, કેરળ અને મધ્યપ્રદેશમાં ડેલ્ટા પ્લસ વેરિઅન્ટથી સંક્રમિત દર્દીઓ જોવા મળ્યા છે.

કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્રમાં ડેલ્ટા પ્લસ વેરિઅન્ટના ૨૧ કેસ સામે આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપે સોમવારના રોજ કહ્યું કે તેમાંથી ૯ કેસ રત્નાગિરિ, ૭ જલગાંવ, ૨ મુંબઈ આ સિવાય ૧-૧ સિંધુદુર્ગ, ઠાણે અને પાલગઢ જિલ્લામાંથી છે. સ્વાસ્થય મંત્રીએ કહ્યું કે રાજ્ય સરકારે હવે જીનોમ સિક્વેંસિંગનો નિર્ણય કર્યો છે અને દરેક જિલ્લામાંથી ૧૦૦ નમૂના લેવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. તેમણે કહ્યું કે ૧૫ મેથી અત્યાર સુધીમાં ૭૫૦૦ નમૂના લીધા છે, જેમાં ડેલ્ટા પ્લસની અંદાજે ૨૧ કેસ છે.

બીજીબાજુ દક્ષિણના રાજ્ય કેરળમાં પણ ડેલ્ટા પ્લસ વેરિઅન્ટે દસ્તક દીધી છે. અહીંના બે જિલ્લા પલક્કડ અને પથનમથિટ્ટામાંથી જમા કરાવામાં આવેલા સેમ્પલ પરથી ડેલ્ટા-પ્લસ વેરિઅન્ટના ઓછામાં ઓછા ત્રણ કેસ સામે આવ્યા છે. પથનમથિટ્ટાના જિલ્લાધિકારી ડૉ.નરસિમ્હુગરી ટી.એલ.રેડ્ડીએ કહ્યું કે જિલ્લાના કાડાપરા પંચાયતનો વધુ એક ચાર વર્ષનો બાળક વાયરસના નવા ડેલ્ટા-પ્લસ વેરિઅન્ટથી સંક્રમિત જોવા મળ્યો.

મધ્યપ્રદેશના ભોપાલથી ડેલ્ટા પ્લસ વેરિઅન્ટનો પહેલો કેસ સામે આવ્યો હતો. ૬૫ વર્ષના એક મહિલા કોરોના વાયરસના નવા વેરિઅન્ટ ડેલ્ટા પ્લસથી સંક્રમિત હોવાની પુષ્ટિ થઈ હતી. મધ્યપ્રદેશમાં મહામારીની બીજી લહેર ઝડપથી ઘટી રહી છે અને સંક્રમણનો ફેલાવો રોકવા માટે લગાવામાં આવેલા પ્રતિબંધોમાં છૂટ આપવામાં આવી રહી છે. સૂત્રોએ કહ્યું કે કોવિડ-૧૯ રસીના બે ડોઝ આ મહિલા લઈ ચૂકયા છે.

કેટલાંક રિપોર્ટના મતે ભારતમાં સૌથી પહેલાં જોવા મળેલ કોવિડ-૧૯ના સૌથી વધુ સંક્રમક ડેલ્ટા વેરિઅન્ટ બી.૧.૬૧૭.૨ના ડેલ્ટા પ્લસ વેરિઅન્ટમાં બદલાવાની આશંકા છે. ડેલ્ટા વેરિઅન્ટની સૌથી પહેલી ઓળખ ભારતમાં થઈ હતી અને દેશમાં બીજી લહેર માટે અને બ્રિટન સહિત અન્ય જગ્યાઓ પર સંક્રમણના પ્રસારમાં તેનો અગત્યનો રોલ કહેવાય છે.

## ખેડૂતોના લાભાર્થે કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો મુખ્યમંત્રી રૂપાણીએ કરાવ્યો પ્રારંભ



ગાંધીનગર,
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આદિજાતિ વિસ્તારના વનબંધુ ખેડૂતોના લાભાર્થે કૃષિ વૈવિધ્યકરણ યોજના-૨૦૨૧નો ગાંધીનગરથી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યના અંબાજીથી ઉમરગામ સુધીની સમગ્ર આદિજાતિ પટ્ટીના ૧૪ આદિજાતિ જિલ્લાના ૧ લાખ ૨૬ હજાર જેટલા વનબંધુ ખેડૂતોને રૂ. ૩૧ કરોડની માતબર રકમથી ખાતર-બિયારણ ટૂલ કિટ સહાયનો લાભ આ વર્ષે અપાશે.

રાજ્ય સરકારે પાછલા એક દશક એટલે કે ૧૦ વર્ષમાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અન્વયે કુલ ૧૦ લાખ વનબંધુ ખેડૂતોને રૂ. ૨૫૦ કરોડની સહાય આપી છે. આદિજાતિ વિસ્તારના વનબંધુ ખેડૂતો પરંપરાગત ખેતીને સ્થાને ટેકનોલોજીના વિનિયોગથી આધુનિક ખેતી તરફ વળે અને આર્થિક સમૃદ્ધિ મેળવે તે આ યોજનાનો મુખ્ય હેતુ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, નવસારી, સુરત, તાપી, વલસાડ અને ડાંગ જિલ્લાના આદિજાતિ ખેડૂતોને સંબોધન કર્યું હતું. તેમણે વનબંધુ કલ્યાણ યોજના દ્વારા રાજ્યના આદિજાતિ વિસ્તારના લોકો તેમજ ખેડૂતોના પરિવારોના શિક્ષણ આરોગ્ય રોજગારી સહિતના સર્વગ્રાહી વિકાસને નવી દિશા મળી છે તેવો મત પણ વ્યક્ત કર્યો હતો. વિજય રૂપાણીએ કહ્યું કે, રાજ્યના આદિજાતી ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને તે દ્વારા પણ સારું ખેત ઉત્પાદન મેળવે તેવી નેમ રાખી છે. ડાંગ જિલ્લાને સંપૂર્ણ ઓર્ગેનિક ખેતીનો જિલ્લો બનાવવામાં આવી રહ્યો છે. રાજ્યના આદિજાતી ખેડૂતો તેમને મળનારી સહાય લાભથી આ વર્ષે વધુ ખેત પેદાશો ઉત્પાદન કરશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. કૃષિ વૈવિધ્યકરણ યોજનાના શુભારંભ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી ગણપત વસાવા તેમજ આદિજાતિ વિકાસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ પણ મુખ્યમંત્રીના નિવાસસ્થાને ઉપસ્થિત રહ્યા હતા.

### ધો. ૧૦-૧૨ના રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો

ગાંધીનગર,
આખરે ગુજરાતમાં ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપ્યા બાદ રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા અંગે એક પ્રશ્ન મૂંઝવી રહ્યો હતો. જેનો આજે અંત આવ્યો છે. આજે ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા એક નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં રાજ્યના ધોરણ ૧૦ અને ૧૨ના રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા ૧૫ જુલાઈથી યોજવાનો નિર્ણય લેવાયો છે. આ સાથે જ ૧૫ જુલાઈથી ધોરણ—૧૦, ૧૨ના રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે. બોર્ડ દ્વારા આજે વિગતવાર કાર્યક્રમ જાહેર કરાયો છે. જેથી રિપીટર વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ પર કાર્યક્રમ જોઈ શકે છે.

આ વિશે જાણવા મળી રહ્યું છે ધોરણ ૧૦ અને ૧૨ના રિપીટર વિદ્યાર્થીઓનો પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો છે. ધોરણ- ૧૦/૧૨ રીપીટર/ખાનગી/પુથ્થક ઉમેદવારો માટે ૧૫ જુલાઈથી પરીક્ષા લેવાશે. શિક્ષણ બોર્ડ દ્વારા ૧૫ જુલાઈથી ૨૮ જુલાઈ દરમિયાન પરીક્ષા યોજાશે. પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ બોર્ડ દ્વારા જાહેર કરાયો છે. શિક્ષણ બોર્ડની વેબસાઈટ www. GSEB.ORG પર વિદ્યાર્થીઓ કાર્યક્રમ જોઈ શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ના નિયમિત, રિપીટર, ખાનગી અને પૃથક્ક ઉમેદવારોની બોર્ડની જાહેર પરીક્ષા પહેલી જુલાઈના રોજ લેવાનો નિર્ણય સરકારે કર્યો હતો, પરંતુ કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ પરીક્ષાઓ મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે આ રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષાને લઈને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના રિપીટર, ખાનગી અને પૃથક્ક ઉમેદવારોની પરીક્ષા આગામી ૧૫ જુલાઈના રોજ લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બોર્ડની પરીક્ષામાં રિપીટર્સ વિદ્યાર્થીઓની વાત કરીએ તો ધોરણ ૧૦માં ૩.૬૨ લાખ, ધોરણ ૧૨ સાયન્સમાં ૩૨ હજાર ૪૦૦ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૯૭ હજાર જેટલા રિપીટર્સ વિદ્યાર્થી નોંધાયા હતા.

## ભાવનગરના હાઈવે પર ગેરકાયદેસર બાયોડીઝલનો વેચતા બે પંપ ઝડપાયા



ભાવનગર,
ભાવનગર શહેર નજીકના નારી ચોકડીથી નારી ગામ જવાના હાઈવે પર આવેલા પંપ પર ગેરકાયદે બાયોડીઝલનું વેચાણ કરતા બે પંપ ઝડપાયા છે. ભાવનગર પુરવઠા વિભાગે મોડી રાત્રે રેડ પાડી હતી. જેમાં પુરવઠા વિભાગની રેડ દરમ્યાન પંપના સ્ટોરેજ અને ટેક્રરમાંથી ૩૨.૫૦ લાખની કિંમતનો ૫૦ હજાર લિટર બાયોડીઝલનો જથ્થો મળી આવ્યો હતો.

ભાવનગર અમદાવાદ હાઈવે પર નારી અને વરતેજ ગામ વચ્ચે બાયોડીઝલના પંપ બનાવી ગેરકાયદે તેનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. બાયોડીઝલ ઓછી કિંમતમાં પડતું હોવાથી મોટા વાહન ચાલકો બાયોડીઝલ પૂરાવવાનો આગ્રહ રાખતા હોય છે. જેથી બાયોડીઝલના બે પંપ ઉપર તેનું વેચાણ કરવામાં આવી રહ્યું હતું.

ભાવનગરના પુરવઠા વિભાગને ગેરકાયદે બાયો ડીઝલનું વેચાણ થતું હોવાની બાતમી મળી હતી. જેથી પૂર્વ બાતમીના આધારે જિલ્લા પુરવઠા અધિકારી ભૂમિકા કોરિયા, સિટી મામલતદાર ધવલ રવિયા અને ટીમ દ્વારા શહેર નજીક ચાલતા બાયોડીઝલના બે પંપ ઉપર દરોડો પાડી તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં તપાસ દરમ્યાન ગેરકાયદે વેચાણ કરવામાં આવતો બાયોડીઝલનો જથ્થો ઝડપાયો હતો.

જિલ્લા પુરવઠા વિભાગની રેડ દરમ્યાન બે પંપના સ્ટોરેજ અને ટેક્રરમાંથી બાયોડીઝલનો રૂપિયા ૩૨.૫૦ લાખની કિંમતનો ગેરકાયદેસર ૫૦ હજાર લીટર જથ્થો મળી આવ્યો હતો. પુરવઠા વિભાગે તમામ જથ્થો સીઝ કરી પંપ માલિક રજનીશ ચાડ અને યુવરાસિંહ જાડેજા સામે પુરવઠા અધિનિયમ ભંગ હેઠળ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

**રેડ દરમ્યાન પંપના સ્ટોરેજ અને ટેક્રરમાંથી ૩૨.૫૦ લાખની કિંમતનો ૫૦ હજાર લિટર બાયોડીઝલનો જથ્થો મળી આવ્યો**

# મહીસાગરમાં ૩.૯૩ લાખ ઉપરાંતના નાગરિકોને કોરોના વિરોધી વેક્સીન અપાઇ



લુણાવાડા,

વૈશ્વિક મહામારી કોવીડ-૧૯ ના સંક્રમણ સામે આરોગ્ય સુરક્ષા કવચ આપતું કોરોના રસીકરણ મહાઅભિયાન મહીસાગર જિલ્લામાં પૂરજોશમાં ચાલી રહ્યું છે. જિલ્લા આરોગ્ય તંત્રે જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી ના માર્ગદર્શન હેઠળ રસીકરણ અભિયાનને વેગવાન બનાવવા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ૧૮ થી ૪૪ વર્ષ વયના નાગરિકોને કોરોના રસી આપવાની કામગીરી હાલ કાર્યરત છે. ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરાયેલ રસીકરણ ઝુંબેશ હેઠળ મહીસાગર જિલ્લામાં અત્યાર સુધી ૧૮ થી ૪૪ વર્ષ વયના તેમજ ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના કુલ ૩,૯૩,૮૬૮ નાગરિકોએ કોરોના રસીકરણ કરાવી કોરોના સામે આરોગ્ય સુરક્ષા કવચ મેળવ્યું છે.

ત્યારે ૨૧મી જુન-૨૦૨૧ સુધીમાં લુણાવાડા તાલુકામાં ૧,૧૫,૦૫૮, બાલાસિનોર તાલુકામાં ૫૪,૬૧૫, સંતરામપુર તાલુકામાં ૯૮,૮૯૦, ખાનપુર તાલુકામાં ૩૩,૨૯૧, કડાણા તાલુકામાં ૫૨,૧૦૭ અને વિરપુર તાલુકામાં ૩૯,૯૦૭ મળી જિલ્લાંના કુલ ૩,૯૩,૮૬૮ જેટલા ૧૮ થી ૪૪ વર્ષ વયના તેમજ ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના શહેરી અને ગ્રામ્ય વિસ્તા,રોના નાગરિકો દ્વારા કોરોના વેક્સીનેશન કરાવ્યું છે. જેમા ૧૮ થી ૪૪ વર્ષ વયના ૫૮,૦૩૬ નાગરિકોને કોરોના વિરોધી વેક્સીન આપી સુરક્ષિત કરાયા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૫ થી ૫૯ વર્ષના અને ૬૦ થી વધુ ઉંમરના ૨,૩૭,૧૦૬ તેમજ ૧૮ થી ૪૪ વર્ષ વયના ૫૮,૦૩૬ જેટલા નાગરિકોને કોરોના રસી મૂકવામાં આવી છે.

અત્યાર સુધીમાં જિલ્લામાં ૨,૯૫,૧૪૨ નાગરિકોને કોરોના રસીનો પ્રથમ તેમજ ૯૮,૭૨૬ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

જિલ્લાં વિકાસ અધિકારી કે.ડી.લાખાણીએ જણાવ્યું કે સાથે સાથે વેકસીન લીધા પછી પણ કાળજી એટલી જ રાખવાની છે જેમ કે, માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ રાખવું અને જાહેર ભીડવાળી જગ્યા ઉપર જવું નહીં, સેનીટાઇઝ કરવું, જયાં-ત્યાં થુંકવુ નહીં અને ખૂબજ કાળજી રાખી આ રોગની ગંભીરતાને સમજી આપણે બધા સાથે મળી રોગને નિયંત્રણમાં લાવવા તમામ સહયોગ કરશે તેવી આશા વ્યકત કરી હતી.

# રાજયના મુખ્યમંત્રી દ્વારા આદિજાતિ વિસ્તારના આદિજાતિ ખેડૂતોના લાભાર્થે કૃષિ વૈવિધ્યીકરણ યોજના-૨૦૨૧નો વર્ચ્યુઅલી પ્રારંભ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

રાજય સરકાર દ્વારા આદિજાતિ ખેડૂતો આર્થિક રીતે સધ્ધરતા પાપ્ત કરી પોતાનું જીવન ધોરણ ઉચું આવે તેવા ઉમદા આશય થી રાજય સરકાર દ્વારા કૃષિ વૈવિદયકરણ યોજના આદીજાતિ વિસ્તારના ખેડૂતો માટે અમલમાં મુકવામાં આવેલ છે, જેથી આદિજાતિ વિસ્તારના આદિજાતિ ખેડૂતોને કૃષિ થકી વધુ આવક મેળવતા થઇ શકે. આ પ્રોજેકટ અંતર્ગત સારી ગુણવત્તાના બિયારણ તથા ખાતરની કીટનું વિતરણ અને ખેતીને લગતી જરૂરી તાલીમ આપવમાં આવે છે. જે અંતર્ગત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કૃષિ વૈવિદયકરણ યોજના ૨૦૨૧-૨૨નો ગાંધીનગરથી વર્ચ્યુઅલી પ્રારંભ કરાવ્યો હતો. જે સંદર્ભે મહીસાગર જિલ્લાના સંતરામપુર પ્રાંત કચેરી ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, સંતરામપુર ધારાસભ્ય કુબેરભાઇ ડિંડોર તેમજ જિલ્લા વિકાસ અધીકારી કે.ડી. લાખાણી, પ્રયોજના વહીવટદાર કે.પી.પાટીદાર અને પ્રાંત અધિકારી જાદવ, કડાણા- સંતરામપુરના મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ લાભાર્થી ખેડૂતો ઉપસ્થતિ રહી કૃષિ વૈવિદયકરણ યોજના ના વર્ચ્યુઅલી કાર્યક્રમમાં જોડાયા હતા.

મુખ્યમમંત્રી દ્વારા યોજાયેલા આ કાર્યક્રમ અંતર્ગત મહાનુભાવોના હસ્તે મહીસાગર જિલ્લાના આદિજાતિ વિસ્તાર કડાણા- સંતરામપુરના તાલુકામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત કુલ ૩૩૦૦ લાભાર્થીઓ પૈકી નમૂનારૂપ ૧૫ જેટલા આદિજાતિ ખેડૂતોને મકાઇ બિયારણ અને યુરિયા ખાતર અને પ્રોમ ઓર્ગેનિક મેન્યુીઅરનું વિતરણ કરાયું હતું.

# મહિસાગર જીલ્લામાં સતત બીજા દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લા માટે આજે સતત બીજા દિવસે પણ રાહતના સમાચાર આવ્યો છે. આજે સતત બીજા દિવસે પણ જિલ્લાઅમાં નવો કોરોનાનો એક પણ કેસ નોંધાવા પામેલ નથી.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૨-૦૬-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૭૪૯૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાવમાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાના ૦૧ પુરૂષ અને લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષએ અને સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રીએ કોરોનાને મ્હાત આપતા તેમને રજા આપવામાં આવતાં તેઓ સ્વુસ્થક થઇને સ્વષગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૪૦૯ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૨૭૯૧૫૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. જયારે ૨૦૭ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૫ દર્દી હોમ આઇસોલેશનમાં, ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૦૨ દર્દી પ્રાઇવેટ હોસ્પિરટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૦૮ દર્દીઓ સ્ટેબલ અને ૦૧ દર્દી ઓક્સિજન પર પર છે.

# મહીસાગર જિલ્લાની તમામ શાળાને તમાકુ મુક્ત શાળા (TOFEI) કરવા માટે વેબીનાર યોજાયો




લુણાવાડા,

મહીસાગર જિલ્લા શિક્ષણ વિભાગ, જિલ્લા તમાકુ નિયંત્રણ સેલમહીસાગર અને ફેઈથ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે મહીસાગર જિલ્લા ની તમામ શૈક્ષણિક સંસ્થામાં Tobacco Free Educational Institution ના અમલીકરણ થાય અને તમાકુ મુક્ત શાળા બને તે માટે આજરોજ વેબીનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ડિસ્ટ્રિક્ટ એડ્યુકેશન ઓફિસર પી. એન. મોદી, આરોગ્ય વિભાગ માંથી ડાૅ. હનીફ શૈખએપેડેમીલોજિસ્ટ અને ફેઈથ ફાઉન્ડેશનના પ્રોગ્રામ ડાઈરેક્ટર સુઝેન સેમસન દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. આ વેબિનારમાં મહીસાગર જિલ્લા માદયમિક અને ઉચ્ચ માદયમિક વિભાગના ૧૪૫ જેટલા પ્રિન્સિપાલઓ જોડાયા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૨૩-૦૬-૨૦૨૧, બુધવાર, જેઠ વદ-૧૩, સૂર્યોદય-૫-૨૩, સૂર્યાસ્ત-૭-૨૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્રઃ અનુરાધા

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૩.૦૬.૨૦૨૧ બુધવાર

મેષ (અ.લ.ઈ.):- તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજ માટે તમારો સફળતા [illegible] હોવો જોઈએ- તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો.

વૃષભ(બ.વ.ઉ.):- તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારા જીવનસાથીની સંગતમાં રાહત-આરામ તથા પ્રેમ શોધો. તમારૂં પ્રેમ જીવન આયુષ્યભરના બંધનમાં પરિણમશે અને લગ્નનો પ્રસ્તાવ મળશે.

મિથુન(ક.છ.ઘ.):- આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજેટ વેરવિખેર થઈ જશે.

કર્ક(ડ.હ.):- આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. લાંબા સમયથી કોઈક સાથે ચાલતો તમારો વિવાદ આજે ઉકેલવાનો પ્રયાસ કરો કેમ કે આવતી કાલે કદાચ બહુ મોડું થઈ જશે.

સિંહ(મ.ટ.):- વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. કોઈક ધાર્મિક સ્થળ અથવા સંતપુરૂષની મુલાકાત લો અને તમારા મગજને આશ્વાસન અને શાંતિ મળશે.

કન્યા(પ.ઠ.ણ.):- તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પત્નીના કામોમાં હસ્તક્ષેપ તેને ક્રોધાવેશમાં લાવી શકે છે. સામસામે ગુસ્સો કરવાથી દૂર રહેવા માટે તેની પરવાનગી લો. તમે આસાનીથી સમસ્યાઓ ઉકેલી શકશો. પ્રેમ જીવન આશા લાવશે.

તુલા(ર.ત.):- મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. મિત્રો તથા જીવનસાથી આરામ તથા ખુશીઓ લાવશે, એ સિવાય નિસ્તેજ અને દોડધામભર્યો દિવસ.

વૃશ્ચિક(ન.ય.):- તમારી જાતને એક હદ કરતાં વધુ થકવશો નહીં અને યોગ્ય આરામ લેવાનું યાદ રાખજો. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો.

ધન(ભ.ધ.ફ.ઢ.):- મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈઓ ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાપૂર્વક સીધા ચાલવાની કળા શીખો.

મકર(ખ.જ.):- સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. તમારી પત્ની પરનો કામનો બોજ ઘટાડવા ઘરના કામકાજમાં તેની મદદ કરજો. આ બાબત શૅરિંગ તથા આનંદની લાગણીને પ્રોત્સાહિત કરશે.

કુંભ(ગ.શ.સ.):- સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.

મીન(દ.ચ.ઝ.):- તમારો મૂડ બદલવા માટે કોઈક સામજિક મેળાવડામાં હાજરી આપો. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. રૉમેન્ટિક મેળાપ ખૂબ જ આકર્ષક જણાય છે પણ તે લાંબું નહીં ટકે.

# વડોદરા જિલ્લા કલેક્ટર આર.બી. બારડે વિધિવત્ રીતે ચાર્જ સંભાળ્યો



વડોદરા,

નવ નિયુક્ત વડોદરા જિલ્લા કલેક્ટર આર.બી.બારડનું આજે કલેક્ટર કચેરી ખાતે આગમન થતાં નિવાસી અધિક કલેક્ટર દિલીપ પટેલ અને ઉચ્ચ અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ જિલ્લા કલેક્ટર આર.બી. બારડે ચાર્જ સંભાળ્યો હતો. તેઓ અગાઉ મહીસાગર જિલ્લાના કલેક્ટર તરીકે કાર્યરત હતા અને ભૂતકાળમાં ટીમ વડોદરાનો ભાગ રહી ચૂક્યા છે.

વિધિવત પદભાર સંભાળ્યા પછી તેમણે જણાવ્યું કે, હાલમાં મહામારીની પરિસ્થિતિ છે, ત્યારે રસીકરણ ખૂબ અગત્યનું છે અને રસીકરણ હજી પણ વધુ વેગવાન બને તેવો પ્રયત્ન કરીશું.

ભવિષ્યમાં કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવામાં સરળતા રહે અને ભૂતકાળના અનુભવનો વિનિયોગ થાય, ખામીઓ જણાઈ હોય એ સુધારી લેવાય તે રીતે સંભવિત ત્રીજી લહેર સામેની પૂર્વ તૈયારીઓને અગ્રતા આપીશું અને ચોમાસામાં લોકોને મુશ્કેલી ન પડે તેના માટે યોગ્ય મોનિટરિંગને તેમજ રોજિંદા મહેસૂલી કામોનું સમયબદ્ધ નિરાકરણ અને જિલ્લા વહીવટી તંત્રના તમામ વિભાગો સાથે સંકલનથી લોકલક્ષી વહીવટને અગ્રતા આપીશું.

# સંતરામપુર તાલુકાના ભમરી ગામેથી ઝોલા છાપ તબીબને પોલીસે ઝડપ્યો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ભમરી ગામેથી સંતરામપુર પોલીસે બોગસ તબીબને ઝડપી પાડ્યો હતો. સંતરામપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ સ્ટાફને બાતમી મળી હતી કે, કોરોનામાં ગેરકાયદેસર તરીકે મેડિકલ પ્રેક્ટિસ કરતા પ્રવીણકુમાર શ્યામલાલ કટારા રહે. ગોદાવરા, નારેગ, તા. સજ્જનગઢ, જી. બાંસવાડા (રાજસ્થાન) નાઓ સંતરામપુર તાલુકાના ભમરી ગામે મેડિકલ પ્રેક્ટિસ કરતા હોવાની તે આધારે પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એ. રાઠોડ એ સંતરામપુર તાલુકાના ભમરી ગામે ડો. વિજય ડામોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખેડાપાના સાથે રાખી તપાસ કરતા બોગસ તબીબ પોતાના ભાડાના રહેણાંક મકાન આગળ બનાવેલ છાપરામાં પોતાના કોઈ પણ જાતના મેડિકલ સર્ટિફિકેટ વગર માત્ર અનુમાન અને અનુભવ આધારે જુદા-જુદા રોગના બિમાર દર્દીઓને તપાસી ગેરકાયદેસર રીતે તેઓને એલોપેથીક દવા તથા ઈંજેક્શનનો આપી સારવાર કરી બિમાર લોકોના સ્વાસ્થય સાથે બેદરકારી કરી ભર્યુ કૃત્ય કરી તેમજ ગેર કાયદેસર મેડિકલ પ્રેક્ટિસ કરી હતી. તેથી સંતરામપુર પોલીસે કુલ રૂપિયા ૨૭૧૪,૯૨/- અને એલોપેથીક દવા તથા ઈંજેક્શનના જથ્થા મળી આવતા ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# વિરપુર તાલુકાના ખરોડના રણજીતપુરા ગામમાં વીજ ધાંધિયાને લઈ મહિલાઓએ MGVCLમાં હલ્લાબોલ કર્યો

વિરપુર,

વિરપુર તાલુકામાં આવેલ ખરોડના રણજીતપુરા ગામમાં પુરતા સમયે લાઈટ ન મળતા ગ્રામજનો સહિત મહિલાઓ વિરપુર એમજીવીસીએલ કચેરી દોડી આવતા રણચંડી બનેલી મહિલાઓએ એમજીવીસીએલ કચેરીને બાનમાં લીધી હતી. અને કચેરીએ હલ્લાબોલ કર્યો હતો. ગામમાં છેલ્લા એક વર્ષથી વીજળી સમયસર ન મળતી હોવાના કારણે ગ્રામજનો અનેકવાર રજુઆતો કરી ચુકયા છે. વીજળી ગામમાં માત્ર દિવસના બે થી ત્રણ કલાક જ મળે છે. અને બાકીના સમયમાં લોકોને વીજળી વગર જ સમય કાઢવો પડે છે. ત્યારે રજુઆતો છતાં પણ સ્થાનિક તંત્ર દ્વારા આંખ આડા કાનથી કંટાળી અને મહિલાઓએ આજે મેદાને પડી હતી. અને જયાં સુધી કર્મચારી એમની વાત સાંભળી નિકાલ ન લાવે ત્યાં સુધી તેઓ કચેરી ન છોડવાની જીદ પકડી હતી. મહિલાઓ સ્થળ પરથી પરત ન જતાં પોલીસને એમજીવીસીએલ કચેરીએ આવવાની ફરજ પડી હતી. બાદ પણ મહિલાઓ મકકમ રહી હતી. અને જયાં સુધી તેમની સમસ્યાઓનો નિકાલ ન આવે ત્યાં સુધી નહિ અડગ રહેવાની વાત કરતા આખરે એમજીવીસીએલના કર્મીએ રણજીતપુરા જઈ સ્થાનિકોની સમસ્યાનો નિકાલ કરવાની વાત કરી હતી.

## ૨૪ કલાકમાં ૧૧૬૭ લોકોના મોત, એક્ટિવ કેસ ૬.૬૨ લાખ પર પહોંચ્યા

# કોરોનાના વળતા પાણીઃ ત્રણ મહિના બાદ ૫૦ હજારથી ઓછા કેસ




ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોનાના કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે, આ સાથે સોમવારે નોંધાયેલા નવા કેસની સંખ્યાએ ૯૧ દિવસ પહેલા નોંધાયેલા સૌથી ઓછા કેસ જેટલી નોંધાઈ છે. ભારતમાં ગઈકાલે ૫૩,૨૫૬ કેસ નોંધાયા હતા જેમાં આજે ૧૦,૦૦૦ કરતા વધુનો ઘટાડો નોંધાયો છે. આજે નોંધાયેલા કેસમાં મૃત્યુઆંક પણ ૧૫૦૦ કરતા નીચો જઈને ૧૦૦૦ની નજીક પહોંચ્યો છે. એક તરફ કેસ ઘટતા બજારો અને રસ્તાઓ પર ભીડ વધી રહી છે આવામાં સામાન્ય બેદરકારી ભારે પડી શકે છે, માટે જ લોકોને માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવાની સતત સલાહ આપવામાં આવી રહી છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે સોમવારે દેશમાં કોરોનાના નવા ૪૨,૬૪૦ સંક્રમણ નોંધાયા છે જ્યારે ૧,૧૬૭ લોકોના પાછલા ૨૪ કલાકમાં મોત થયા છે. સતત નવા કેસમાં ઘટાડો થવાની સાથે સાજા થનારા દર્દીઓની સંખ્યા મોટી હોવાથી એક્ટિવ કેસમાં પણ ઝડપથી ઘટાડો નોંધાઈ રહ્યો છે. ૨૪ કલાકમાં નોંધાયેલા કેસ પ્રમાણે નવા કેસની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા લગભગ બમણી છે.

૨૪ કલાકમાં ૮૧,૮૩૯ દર્દીઓ કોરોનાને હરાવીને સાજા થતા કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૨,૮૯,૨૬,૦૩૮ થઈ ગઈ છે. જ્યારે કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨,૯૯,૭૭,૮૬૧ થઈ ગઈ છે. આ સાથે કોરોનાથી દેશમાં અત્યાર સુધીમાં મૃત્યુ પામેલા દર્દીઓનો આંકડો ૩,૮૯,૩૦૨ થઈ ગયો છે.

ભારતના કોરોનાના કુલ કેસ ૩ કરોડને પાર પહોંચવામાં ૨૨ હજાર કેસ બાકી છે. જે પ્રમાણે કેસની સંખ્યા નોંધાઈ રહી છે તે જોતા આજે આંકડો ૩ કરોડને પાર કરી જશે તેવું લાગી રહ્યું છે. કોરોનાના નવા કેસની સામે સાજા થનારા દર્દીઓ વધતા એક્ટિવ કેસ ઘટીને ૬,૬૨,૫૨૧ થઈ ગયો છે.

૧૬ જાન્યુઆરીએ ભારતમાં વેક્સીનેશનની શરુઆત કરવામાં આવી હતી. જેમાં સોમવારે સાંજ સુધીમાં કુલ ૨૮,૮૭,૬૬,૨૦૧ ડોઝ આપવામાં આવ્યા છે.

ICMR મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૨૦ જૂન સુધીમાં કુલ ૩૯,૨૪,૦૭,૭૮૨ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે ૧૩,૮૮,૬૯૯ સેમ્પલ લેવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રમાં સોમવારે કોવિડ-૧૯ના ૬,૨૭૦ નવા કેસ સામે આવ્યા છે જે છેલ્લા ચાર મહિના દરમિયાન એક દિવસમાં સામે આવેલા નવા કેસ સૌથી ઓછી સંખ્યા છે. આ સાથે જ રાજ્યમાં સંક્રમણના કુલ કેસ વધીને ૫૯,૭૯,૦૫૧ થઈ ગયા છે. આ દરમિયાન મહામારીથી ૯૪ અને દર્દીના મોત થતા મૃતકોની સંખ્યા વધીને ૧,૧૮,૩૧૩ થઇ ગઇ છે. રાજ્યના સ્વાસ્થ્ય વિભાગ તરફથી જાહેર વ્યક્તવ્ય અનુસાર ૨૩ ફેબ્રુઆરીએ સંક્રમણના ૬,૨૧૮ નવા કેસ સામે આવ્યા હતા અને તે બાદથી આજે સૌથી ઓછા કેસ સામે આવ્યા છે.

પંજાબમાં સોમવારે કોરોના વાયરસ સંક્રમણના ૩૪૦ નવા કેસ સામે આવ્યા છે તથા મહામારીથી ૨૪ વધુ દર્દીના મોત થયા છે. સ્વાસ્થ્ય વિભાગ અનુસાર, નવા કેસ સામે આવ્યા બાદ સંક્રમણના કુલ કેસ ૫,૯૨,૬૫૮ થઈ ગયા છે અને મૃતકોની સંખ્યા ૧૫,૮૫૪ થઈ ગઈ છે. રાજ્યમાં હજુ પણ ૬,૪૭૭ દર્દી સારવાર હેઠળ છે. છેલ્લા એક દિવસમાં ૧,૨૭૧ લોકો સ્વસ્થ થઈ ગયા છે. આ સાથે જ સ્વસ્થ થઇ ચુકેલા લોકોની સંખ્યા ૫,૭૦,૩૨૭ થઈ ગઈ છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દાહોદ જિલ્લાના ખેડૂતોને ખાતર-બિયારણ સહાય વિતરણનો શુભારંભ કરાવ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત આ વર્ષે ખાતર–બિયારણ કિટસ વિતરણનો શુભારંભ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા સેવા સદન ખાતે મંત્રી બચુભાઈ ખાબડ અને સાંસદ જસવંતસિંહ ભાભોર ઉપસ્થિત રહ્યાં હતા અને ખેડૂતોને કિટસનું વિતરણ કર્યું હતું. આ યોજના અંતર્ગત દાહોદના ૩૫ હજાર ખેડૂતોને ૬.૮૪ કરોડની ખાતર–બિયારણની આ વર્ષે સહાય મળશે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

મંત્રી બચુભાઈ ખાબડે આ પ્રસંગે જણાવ્યું કે, રાજય સરકાર આદિવાસી ખેડૂતોના વિકાસ માટે કટિબદ્ધ છે. આ વર્ષે પણ વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત દાહોદના ૩૫ હજાર ખેડૂતોને ૬.૮૪ કરોડની ખાતર–બિયારણની સહાય કરવામાં આવશે. જેનો શુભારંભ આજથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કરાવ્યો છે. ખેડૂતોને રૂ. ૧૯૫૭ની કિમતનું ૪૫ કિલો યુરિયા, ૫૦ કિલો ઓર્ગેનિક ખાતર અને ૪ કિલો મકાઈનું બિયારણ આપવામાં આવશે. જેમાં લાભાર્થી ખેડૂતનો ફાળો રૂ. ૨૫૦ નો રહેશે. જિલ્લાના ૩૫ હજાર ખેડૂતોને આ ખાતર–બિયારણ પહોંચતું કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, ખેતી સમૃદ્ધ તો ખેડૂત સમૃદ્ધ. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તેઓ જયારે તત્કાલીન મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે આદિવાસી લોકોના વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના શરૂ કરી હતી. આ યોજનાના પરિણામે દાહોદના ખેડૂતો સમૃદ્ધિ અને વિકાસના માર્ગે આગળ વધ્યા છે. છેલ્લા ચાર વર્ષની જ વાત કરીએ તો દાહોદ જિલ્લાના ૯૭,૫૫૯ આદિવાસી ખેડૂતોને ખાતર–બિયારણની સહાય કરવામાં આવી છે અને આ વર્ષે પણ ૩૫ હજાર ખેડૂતોને સહાય કરવામાં આવી રહી છે.

મંત્રી ખાબડ અને સાંસદ ભાભોરએ લાભાર્થી ખેડૂતોને ખાતર–બિયારણના વિતરણ માટે યોગ્ય વ્યવસ્થા કરવા માટે યોજનાના અધિકારીને સૂચના આપી હતી. કોરોના પ્રોટોકોલ સાથે તમામ ખાતર–બિયારણનું સુવ્યવસ્થિત વિતરણ થાય અને કોઈ અવ્યવસ્થા ન સર્જાય તેની કાળજી રાખવા તેમણે સૂચના આપી હતી.

આ પ્રસંગે પ્રાયોજના વહીવટદાર બી.ડી. નિનામા, ઝાલોદ તાલુકા પંચાયતના પ્રમુખ, જીએસએફસી એગ્રોટેકના અધિકારી તેમજ લાભાર્થી ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદ જીલ્લામાં આજે ૧ કોરોના કેસ નોંધાયો

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે માત્ર ૦૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો છે. છેલ્લા ઘણાં દિવસોથી શુન્ય કેસ નોંધાતાં હતા. ત્યારે આજે પણ માત્ર ૦૧ કેસ નોંધાયો છે.

આર.ટી.પી.સી.આર. અને રેપીટ ટેસ્ટના મળી૨૯૪૩ પૈકી માત્ર ૦૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાંયો છે. દાહોદ જિલ્લામાં ઘણા લાંબા સમયથી કોરોના કેસોમાં એકંદરે ઘટાડો જોવા મળ્યો છે. કોરોનાની બીજી લહેરે સૌ કોઈને હચમચાવી મુકયાં હતાં ત્યારે ત્રીજી લહેરના પણ એંધાણો વર્તાઈ રહ્યાં છે. વહીવટી તંત્ર દ્વારા ત્રીજી લહેરની આગોતરી તૈયારીઓએ પણ શરૂ કરી દીધી છે. કુલ મૃત્યુઆંક ૩૩૮ ને પાર થઈ ગયો છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૧૩ ને પાર થઈ ગયો છે. આજે પણ એક પણ દર્દીને રજા આપવામાં આવી નથી. દાહોદ જિલ્લામાં કોરોનાની સારવાર લઈ રહેલાં માત્ર ૦૬ દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે.

# ફતેપુરા તાલુકાના ગ્રામ પંચાયતોમાં વિકાસના કામો પુરા થયા હોય તેવા કામોના બિલ સમયસર ન ચુકવાતા કચેરીના ધક્કાઓ

ફતેપુરા,

ગ્રામ્ય વિસ્તારોના વિકાસ કરવા માટે ગ્રામ પંચાયતનો ફાળો મહત્વનો હોય છે. વર્ષો વર્ષ ગ્રામ પંચાયતોને સરકાર દ્વારા લાખો રૂપિયા ફાળવવામાં આવે છે. તે પૈકી કેટલીક ગ્રામ પંચાયતોમાં ફાળવવામાં આવતી ગ્રાન્ટનો પુરેપુરો સદ્‌ઉપયોગ નહિ થતો હોવા બાબતે પ્રજાના અવાજ ઉઠે છે. કેટલીક ગ્રામ પંચાયત દ્વારા કામગીરી પુર્ણ કરવા છતાં થયેલ કામગીરીના બિલના નાણાં તાલુકાના જવાબદારી દ્વારા સરપંચોને નહિ ચુકવાતા હોવાની પણ ફરિયાદો સાંભળવા મળે છે. તાલુકાની અનેક ગ્રામ પંચાયતોએ ૧૫માં ૮ નાણાંપંચની ગ્રાન્ટના નાણાંના આધારે પોતાની જવાબદારીથી સરપંચો દ્વારા મટીરીયલ્સ લાવી કામગીરી પુર્ણ કરેલ હોવા છતાં તેના નાણાં ત્રણ માસ બાદ પણ નહિ ચુકવાતા મુશ્કેલીમાં મુકાયા છે.

ફતેપુરા તાલુકામાં ૬૨ જેટલી ગ્રામ પંચાયતો આવેલી છે. આ ગ્રામ પંચાયતોમાં સરકાર દ્વારા ૧૫માં નાણાંપંચના નાણાં ફાળવી આપવામાં આવેલ છે. અને આ નાણાં સરપંચોના માધ્યમથી ગ્રામ્ય વિસ્તારોના વિકાસ પાછળ ખર્ચ કરવાના હોય છે. જો કે જે તે કામની શરૂઆત કર્યા બાદ તાલુકા કક્ષાના જવાબદારો દ્વારા બિલના નાણાં પંચાયતોને ઓનલાઈન ફાળવવાના હો છે. જેમાં ફતેપુરા તાલુકાની ગ્રામ પંચાયતોએ સીસી રોડ, બોર વિથ મોટર તથા અન્ય વિકાસલક્ષી કામગીરી પુર્ણ કર્યા બાદ જવાબદારો દ્વારા જે તે કામની તપાસ કર્યાનો લાંબો સમય વિતવા છતાં અને થયેલ કામગીરીના બિલના નાણાં મેવવા અનેકવાર સરપંચો દ્વારા તાલુકા કચેરીના ધક્કા ખાવા છતાં બિલના નાણાં નહિ આપી ધક્કા ખવડાવવામાં આવતા હોવા બાબતે સરપંચોમાં ગણગણાટ ઉભો થયો છે. ગ્રામ પંચાયતોએ વિકાસલક્ષી કામગીરી પુર્ણ કરી હોય તેઓને તાત્કાલિક બિલ છુટા કરી આપવામાં આવે તેવી સરપંચ આલમમાં માંગ છે.

ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ થાય તે હેતુથી સરકાર દ્વારા ગ્રામ પંચાયતોને નાણાંપંચ દ્વારા લાખો રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. હાલ ફતેપુરા તાલુકાની તમામ ગ્રામ પંચાયતોમાં ૧૫માં નાણાંપંચની ગ્રાન્ટ ફાળવી આપવામાં આવેલ છે. તેમાં મોટાભાગની ગ્રામ્ય પંચાયતોએ ગ્રામ વિકાસના કાર્યો કર્યા છે. પરંતુ કેટલીક ગ્રામ પંચાયતોમાં ગ્રાન્ટના નાણાં સહી સલામત જમા પડ્યા છે જો કે ગ્રામ વિકાસના કામો શિયાળુ ઉનાળુ સમયમાં થઈ શકે હાલ ચોમાસુ વરસાદ થવાની તૈયારીમાં છે. તેમજ ફતેપુરા તાલુકાની મોટાભાગની ગ્રામ પંચાયતોમાં સરપંચોની સમય મર્યાદા પુર્ણ થતાં ગણતરીના મહિના બાકી રહ્યા છે. તેમ છતાં સરકાર દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટનો ગ્રામ્ય વિસ્તારના વિકાસ કામોમાં ઉપયોગ કરવા રાહ જોવાતી હોય તેમ કેટલીક ગ્રામ પંચાયતોના લાખો રૂપિયા ગ્રામ પંચાયતના નામે સહી સલામત છે જો કે ફતેપુરા તાલુકામાં તમામ ગામડાનો સંપુર્ણ ભૌગોલિક વિકાસ થઈ ગયો હોય અને નાણાંપંચના નાણાં ગ્રામ પંચાયતના નામે રહે તેવુ જોવા માટે હજી કદાચ વર્ષોનો સમય લાગશે. જે તે ગ્રામપંચાયતને વિકાસ કામો માટે ફાળવવામાં આવેલી ગ્રાન્ટનો સમયસર સદઉપયોગ થાય તે ખુબ જ જરૂરી છે.

અગાઉના વર્ષોમાં કેટલાંક બોર વિથ મોટરની કામગીરી કરવામાં આવે છે તે નિયમો મુજબ કરવામાં આવેલ નથી. જયારે કેટલાંક આરસીસી રસ્તાઓ ઓન પેપર બનાવી નાણાં હડપ કરવામાં આવેલ છે. તેનુ હવે પછી પુનરાવર્તન થાય તે પ્રત્યે તાલુકા જિલ્લા તંત્રો દ્વારા ખાસ ધ્યાન આપવાની જરૂર છે. સરકારના ૨૪મે ૨૦૨૧ના પરીપત્ર મુજબ જે ગ્રામ પંચાયતોની ઓન બોર્ડ તેમજ ડીએસસીની કામગીરી પુર્ણ કરેલ હોય તેવી તમામ ગ્રામ પંચાયતોમાં મોડામાં મોડુ તા.૧/૬/૨૧ના રોજથી પીએફએમએસ મારફતે ઓનલાઈન ચુકવણુ શરૂ થાય તે પ્રકારનુ આયોજન તાત્કાલિક હાથ ધરવા જણાવાયુ છે. તેમજ ૧૫માં નાણાંપંચ અંતર્ગત પીએફએમએસ મારફતે ઓનલાઈન ચુકવણાની કામગીરી તાત્કાલિક શરૂ કરવા તથા ભારત સરકાર તરફથી યોજવામાં આવેલ વીડિયો કોન્ફરન્સ દરમિયાન ગુજરાતના તમામ જિલ્લાને લગત કામગીરીની પ્રગતિ સંતોષકારક ન હોય તેને ગંભીરતાથી લેવા અને બાકી કામગીરીની ગ્રામ પંચાયત પ્રમાણે સમીક્ષા હાથ ધરી બાકી કામગીરી પુર્ણ કરવા સુચના આપવામાં આવેલ છે. તેમ છતાં ફતેપુરા તાલુકાના જવાબદારો દ્વારા આ પરીપત્રનુ ઉલ્લંઘન કરવામાં આવતુ હોય એમ જણાય છે.

# દાહોદમાં MGVCL દ્વારા મેન્ટેનન્સ હાથ ધરતાં દિવસમાં લાઈટ બંધ રહી



દાહોદ,

દાહોદ શહેરમાં આજે વહેલી સવારના ૦૮ વાગ્યાથી વીજ પુરવઠો બંધ થઈ ગયો હતો. જાણવા મળ્યા પ્રમાણે દાહોદ શહેરમાં પ્રી મોન્સુન અને મેન્ટેનન્સની કામગીરી ખત્રસ્ટ્ઈક દ્વારા કરવામાં આવી રહી છે.

હવે ચોમાસા ઋતુંનું આગમન થઈ ચૂકયું છે. દાહોદ શહેર સહિત જિલ્લામાં હાલ વહીવટી તંત્ર દ્વારા પ્રિ મોન્સુનની કામગીરી પણ ચાલી રહી છે. ત્યારે દાહોદ ખત્રસ્ટ્ઈક દ્વારા પણ દાહોદ શહેરમાં આ કામગીરીનો આરંભ કર્યો હતો. આજે દાહોદ શહેરમાં વહેલી સવારના ૦૮ વાગ્યા થી શહેરના તમામ વિસ્તારોનો વીજ પુરવઠો ખોરવાયો હતો. જાણવા મળ્યા અનુસાર, દાહોદના રલિયાતી સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રિ મોન્સુન તેમજ મેન્ટેનન્સની કામગીરી શરૂ કરવામાં આવી છે. ઘણા સ્થળોએ જૂની વીજ ડીપી તેમજ જૂના વીજ પોલ હટાવી નવા પણ નાખવામાં આવ્યા છે. સવારના ૦૮ વાગ્યા થી ડૂલ થયેલ વીજ પુરવઠો બપોરના ૦૩ વાગ્યાના આસપાસ વીજ પુરવઠો પુનઃ ચાલુ કરવામાં આવ્યો હતો. સવારથી વીજ પુરવઠો ખોરવાતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો તો બીજી તરફ ધંધાદારી આલમ તેમજ બેંકના કામકાજ ઉપર પણ અસર પડી હતી.

# દે.બારીયા તાલુકાના ગામડાના ગરીબ બાળકો પાસે મોબાઈલ નહીં હોય ઓનલાઈન શિક્ષણ મેળવવું બન્યું અઘરૂં

દે.બારીયા,

કોરોના વાઈરસના કપરા કાળમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં શરૂઆતમાં સંપૂર્ણ લોકડાઉન લાગી જતા રાજ્યની તમામ કે.જી., બાલમંદિર થી શાળા કોલેજો સહીત શૈક્ષણિક વ્યવસ્થા બંધ રહી હતી. જેના કારણે બાળકોનું ભણવાનું બગડ્યું તે બધા જાણે છે. લોકડાઉન જાહેર થતા સરકારે ત્વરિત નિર્ણય લઈને ઓનલાઈન શિક્ષણ આપવાનું વિચારી તેની પણ શરૂઆત કરાવી દીધી.



આ ઓનલાઈન શિક્ષણ માટે દરેક બાળકો પાસે મોબાઈલ ફોન હોવો જરૂરી છે. હમણાં થોડા દિવસ પહેલા શાળામાં નવું સત્ર શરૂ થયું છે અને તેમાં પણ ફરીથી ઓનલાઈન શિક્ષણ અપાય તેવી શકયતાઓ જોવાઈ રહી છે. દેવગઢબારીયા તાલુકાના ગામડામાં મોટાભાગનાં લોકો ખેતીવાડી કરી પોતાનું ગુજરાન ચલાવતા હોય છે અને પોતાના બાળકો ને જેમતેમ ભણાવતા હોય છે. ઘણા બાળકો પાસે ઓનલાઈન ભણવા માટે મોબાઈલ સુવિધા નહીં હોય નજીકનાં કોઈ બાળક પાસે રોજબરોજનું લેસન લાવી માંડ માંડ ભણતા હોય છે. ભણવામાં ભલે હોશિયાર હોય પણ મોબાઈલ ફોન નહીં હોવાથી આવા બાળકોનાં અભ્યાસ ઉપર ઓનલાઈન ભણતરની અસર બહુ મોટી પડતી હોય છે. શક્ય હોય તો તંત્ર એ આવા મધ્યમવર્ગીય અને ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોનાં બાળકોનું સર્વે કરી ખરાઈ કરી ટેબ્લેટ જેવા ફોન સરકાર દ્વારા આપવા જોઈએ. જેથી ગામડાનાં ગરીબ બાળકો પણ ઓનલાઈન અભ્યાસ કરી શકે.

આમ, દેવગઢબારીયા તાલુકાનાં ગામડામાં કેટલાક બાળકો પાસે મોબાઈલ નહીં હોય ઓનલાઈન શિક્ષણ મેળવવા માટે મુશ્કેલી પડતી હોય તંત્ર દ્વારા યોગ્ય જોગવાઈ કરવામાં આવે તેવી વાલીઓની માંગ છે.

# સંજેલી કોંગ્રેસ દ્વારા વિવિધ માળખાઓની રચના કરવામાં આવી

સંજેલી,

૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી પૂર્વ રાજકીય પક્ષો એક્ટિવ મોડમાં જોતરાય ગયા છે. ત્યારે રાજકીય પક્ષો દ્વારા સરકાર રચવાના દાવાઓ પુકારી રહ્યા છે. જેના સંદર્ભમાં સંજેલી ખાતે દાહોદ જિલ્લા કોંગ્રેસ કા. પ્રમુખની આગેવાની હેઠળ સંજેલી ખાતે કારોબારીની મિટિંગ યોજવામાં આવી હતી. જેમાં વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને આગામી રણનીતિ ઘડવામાં આવી હતી. જેમાં ખાલી પડેલ વિવિધ પદોની તાજપોષી કરીને જગ્યાઓ ભરવામાં આવી હતી.


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી તાલુકા કોંગ્રેસ સમિતિની દ્વારા કારોબારી મિટીંગ યોજવામાં આવી હતી. જેમાં વિવિધ માળખાઓની રચના કરવામાં આવી હતી જેવી કે, મહિલા મોરચો, બક્ષીપંચ મોરચો, સંજેલી તાલુકા પંચાયતના વિપક્ષી નેતા, વિપક્ષી ઉપનેતા જેવા વિવિધ ખાતાઓની ફાળવણી કરવામાં આવી હતી. જેમાં દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિના કા. પ્રમુખ હરસદભાઈ નિનામા પ્રદેશ કોંગ્રેસ સમિતિના મંત્રી રઘુભાઈ મછાર, ફતેપુરા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગોવિંદભાઈ પરમાર, સંજેલી તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભુરસીંગભાઈ તાવિયાડ, દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિના મહીલા પ્રમુખ શોભનાબેન ડામોર, દાહોદ જીલ્લા કોંગ્રેસ સોશીયલ મિડીયા સેલના અનીસભાઈ ડબ્બા તાલુકા સભ્યો તથા તાલુકા પંચાયત સીટના દાવેદારો તથા જીલ્લા પંચાયત સીટના ઉમેદવારો હોદ્દેદારો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

સંજેલી તાલુકા પંચાયતના વિપક્ષી નેતા તરીકે ભુરસિંગભાઈ તાવીયાડ, ઉપનેતા તરીકે નયનાબેન રાઠોડની સર્વાનુમતે સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી હતી.

# દાહોદના ૨૦માં કલેક્ટર તરીકે ચાર્જ સંભાળતા ડો. હર્ષિત ગોસાવી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના ૨૦માં કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ આજે પોતાનો ચાર્જ સંભાળી લીધો છે. બદલી પામનારા વિજય ખરાડીએ તેમને સૌજન્યતાપૂર્ણ રીતે કલેક્ટર કચેરીમાં આવકાર્યા હતા અને ચાર્જ સોંપ્યો હતો. બન્ને અધિકારીઓએ કલેક્ટર કચેરીમાં કાર્યરત મહેસુલી અધિકારીઓ સાથે પરિચય બેઠક પણ યોજી હતી. જેમાં અધિક કલેક્ટર મહેશ દવે સહિત નાયબ કલેક્ટરઓએ તેમને આવકાર્યા હતા.

ડો. હર્ષિત ગોસાવી મૂળ મહારાષ્ટ્રના વતની છે અને તેમણે નાગપુર યુનિવર્સિટીમાંથી એમબીબીએસની પદવિ હાંસલ કરી છે. તે બાદ તેઓ ભારતીય સનદી સેવામાં જોડાયા છે. તેઓ મિતભાષી સ્વભાવ ધરાવે છે. દાહોદ કલેક્ટર પદે નિયુક્તિ પૂર્વે તેઓ પ્રાદેશિક નગરપાલિકા કમિશનર પદે કાર્યરત હતા. દાહોદ સ્માર્ટ સિટી કંપનીના મુખ્ય કારોબારી અધિકારી તરીકે પણ કામ કર્યું હોવાના નાતે તેઓ દાહોદથી પરિચિત છે. તેઓ દાહોદના ૨૦માં કલેક્ટર છે.

દાહોદના ૧૯માં કલેક્ટર તરીકે ૯–૪–૨૦૧૮ના રોજ ચાર્જ સંભાળનારા વિજય ખરાડીએ દાહોદમાં સૌથી વધુ સમયગાળો કલેક્ટર પદે ફરજ બજાવવાનો વિક્રમ બનાવ્યો છે. એ પૂર્વે દાહોદ જિલ્લાના બીજા કલેક્ટર ઈ. આઈ. કલાસવાએ સૌથી વધુ સમય ૮–૬–૧૯૯૮થી ૨૭–૨–૨૦૦૧ સુધી ફરજ બજાવી છે.

# ઝાલોદ રોડ કન્યા શાળામાં નોટબુકનું વિતરણ કરાયું

દાહોદ,

ઝાલોદ રોડ કન્યા શાળા દાહોદમાં નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું. આજ શાળા માંથી નિવૃત રેખાબેન મુનિ દ્વારા અને શાળાના આચાર્ય જયેશ પંચાલ તથા શિક્ષકોએ જે વિદ્યાર્થીઓના માતા પિતા નથી તેવા અનાથ બાળકોને ઘરે ઘરે જઈને દરેક બાળકને ૭ નોટબુક, અને ૧ બોલપેન નું વિતરણ કરવામાં આવ્યું. જેમાં આવા બીજા કુલ ૨૭ અનાથ બાળકોને લાભ આપવામાં આવ્યો અને આજ વર્ષે ધોરણ ૮ પાસ કરેલ છે અને ધોરણ ૯માં પ્રવેશ લીધો છે. તેવા અનાથ બાળકોને પણ નોટબુક આપવાનાં આવી છે. કોરોના મહામારી ઘણા વાલીઓની આર્થિકપરિસ્થિતિ સારી ના હોય તેવાં વિદ્યાર્થીઓને આવો લાભ થાય તેવા પ્રયત્નો ચાલુ છે. બીજાના ભલામાં આપણું ભલું એજ અંતરમાં રાજીપો.

# દાહોદ પતંજલી યોગ સમિતિ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી



દાહોદ,

તા.૨૧જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી પતંજલિ યોગ સમિતી દાહોદ દ્વારા અવંતિકા રિસોર્ટ ખાતે ઉત્સાહભેર કરાઈ, જેમા પ્રોટોકોલ મુજબ યોગાભ્યાસ, પરિવારના બાળકો દ્વારા વિશેષ યોગિક કરતબ, યોગાસન પ્રતિયોગીતાનું ઈનામ વિતરણ, સામૂહિક યોગ નૃત્ય વગેરે કરાયુ. તે ઉપરાંત ગોવિંદનગર ગાર્ડન, કેશવમાધવ રંગમંચ, હેડ પોસ્ટ ઓફિસ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ વગેરે સ્થળોએ પતંજલિના માસ્ટર ટ્રેઈનરો દ્વારા યોગાભ્યાસ કરાવાયો, પરિવારના તથા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના દાહોદના બે યોગ કોચ ભાઈઓને ગુ.રા.મંત્રી ખાબડ સાહેબ દ્વારા સર્ટિફિકેટ અપાયું. કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેલ (૧)જીતરાભાઈ ડામોર ,જિલ્લા પંચાયત કારોબારી અદયક્ષ, (૨)મૂકેશભાઈ ખચર તાલુકા મહામંત્રી, (૩)સુરેન્દ્ર નાયક, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ, (૪) ભરતસિંહ સોલંકી, એપીએમસી ડાયરેક્ટર અને ભાજપ જિલ્લા ગ્રામ્ય મંત્રી વિશેષ ઉપસ્થિત રહ્યા. નગરપાલિકા કાઉન્સિલર દીપેશભાઈ લાલપુરવાલા તથા ગોપીભાઈ દેસાઈ પણ યોગાભ્યાસ કર્યો, પતંજલિ યોગ સમિતીના કાર્યકરોએ સમગ્ર દાહોદ જીલ્લાને યોગમય બનાવવાના સંકલ્પ કર્યો, વરસાદમાં પણ અવંતિકા રિસોર્ટના રળિયામણા વાતાવરણમાં સાધકો યોગ નૃત્ય ચાલુ રાખી અલ્પાહારનો આનંદ લીધો.

# ઝાલોદ તાલુકામાં ૧૪૯ કેન્દ્રો ઉપર ભુલકાઓને બે માસથી અનાજનો જથ્થો ન અપાતા ચર્ચાનો વિષય બન્યો

ઝાલોદ,

ઝાલોદ તાલુકામાં ૨૫૮ પ્રા.શાળામાં મધ્યાહન ભોજન કેન્દ્રો ચાલે છે. જેમાં શાળામાં અભ્યાસ કરતા ગરીબ બાળકોને શાળામાં જ મધ્યાહન ભોજન યોજના હેઠળ જમવાનુ પીરસવામાં આવે છે. કોરોના કાળમાં શાળાઓ બંધ થઈ જતાં સરકાર દ્વારા અનાજનો જથ્થો બંધ કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ ગરીબ બાળકોને ઘરે જમવા માટે ઘઉં–ચોખા આપવાનુ શરૂ કરાયુ હતુ. જેમાં હાલમાં બાળકોમાં શાળામાંથી ઘઉં–ચોખા આપવામાં આવી રહ્યા છે. ત્યારે તાલુકાના ૨૫૮ કેન્દ્રોમાંથી ૧૪૯ કેન્દ્રો ભુલકાઓને છેલ્લા બે માસથી અનાજનો જથ્થો આપવામાં ન આવતા તાલુકા પંથકમાં ચર્ચાનો વિષય બન્યો હતો. અનાજનો જથ્થો મેળવવા માટે કેન્દ્રોના સંચાલકો દોડધામ કરતા જોવા મળ્યા હતા. ૨૫૮માંથી ફકત ૧૪૯ કેન્દ્રોમાં ૧૦માં તબકકાનુ અનાજ ફાળવવામાં ન આવતા એક તબકકે તપાસનો વિષય ઉભો થયો હતો. બાળકોના હકનુ અનાજ સત્વરે ફાળવવા માટે બાળકોના વાલીઓ પણ માંગ કરી રહ્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 256

પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કાલોલના ઘુસર ગામે ગેરકાયદેસર રેતી ખનનની તપાસ માટે

# વિજીલન્સ ટીમ આવે તે પહેલા ગોમાના પટમાં પોલીસ ચોકી ઉભી કરાઈ હતી : તે હટાવતા પૂનઃ રેતી ખનન ધમધમ્યું





ગોધરા,

કાલોલ તાલુકાના ઘુસર ગામે ગોમા નદીના પટ માંથી ગેરકાયદેસર રેતી ખનન કરતાં માફિયાઓ ઉપર લગામ કસવા માટે પંચમહાલ જીલ્લા કલેકટર, જીલ્લા પોલીસવડા અને ખાણ-ખનિજ વિભાગે સંયુકત કાર્યવાહી હાથ ધરી હતી. જીલ્લા વહીવટી તંત્ર પોલીસની સંયુકત કાર્યવાહીમાં ૧૬ વાહનો ઝડપી પાડવાાં આવ્યા હતા સાથે ઘુસર ગોમા નદીના પટ માંથી રેતી ખનન કરતાં માફિયાઓ રેતી ખનન બંધ કરાવવા માટે ઘુસર ગામે નદીના પટમાં પોલીસ ચોકી ઉભી કરવામાં આવી હતી. જેને લઈ રેતી ખનન માફિયાઓ ગેરકાયદેસર રેતી ખનન ઉપર રોક લાગી હતી. જેને લઈ ગ્રામજનોમાં વહીવટી તંત્રની કામગીરીની સરાહના કરાતી હતી પરંતુ ઘુસર ગામે એક સપ્તાહ માટે ઉભી કરાયેલ પોલીસ ચોકીને હટાવી લેવાતા રેતી ખનન પૂનઃ શરૂ થયું છે. જ્યારે જાણવા મળ્યું કે, ગાંધીનગરની વિજીલન્સ ટીમ કાલોલ તાલુકામાં તપાસ માટે આવવાની હોય તે પહેલા સબ સલામત બનાવવા માટે કામ ચલાઉ ચોકી ઉભી કરીને ખનિજ માફિયાઓ ઉપર હાવ ઉભો કરવા આવ્યો હતો. વિજીલન્સ ટીમ આવીને પરત જતા પૂનઃ રેતી ખનન માફિયાઓ માટે છુટો દોર આપી દેવામાં આવ્યો છે.

કાલોલ તાલુકામાં ખનિજ માફિયાઓ ગેરકાયદેસર રીતે ગોમા નદીના પટ માંથી રેતી ખનન કરતા હોય છે. આવા ગેરકાયદેસરના રેતી ખનનને રોકવા માટે પંચમહાલ જીલ્લા ખાણ-ખનિજ વિભાગ અવાર-નવાર રેઈડ કરતું આવ્યું છે. પરંતુ ગોમા નદીના પટ માંથી થતી રેતી ખનન ઉપર રોક લગાડવામાં નાકામ રહ્યા છે. કાલોલ તાલુકામાં ગોમા નદીના પટ વિસ્તારની ગોમા નદી માંથી રેતી ખનન કરતા ખનિજ માફિયાઓનું નેટવર્ક આધુનિક ટેકનોલોજી લેસ થયેલ છે. જેને લઈ ગોધરા ખાણ-ખનિજ વિભાગની ટીમ કયાં કયાં અને કયારે રેડ માટે નિકળવાની છે. તેની જાણકારી અગાઉ થી મેળવી લેતા હોય છે. પરિણામે ગોધરા ખાણ-ખનિજ વિભાગ કાલોલ તાલુકાના ગોમા નદીના પટ વિસ્તારના કોઈપણ ગામમાં રેડ કરે તો માંડ કોઈ વખત એક-બે ટ્રેકટર હાથ લાગતા હોય છે. આમ કેટલાય વર્ષોથી કાલોલ તાલુકાના ગામોમાં ગોમા નદીના પટ માંથી ખનિજ માફિયાઓ બેખોફ રીતે રેતી ખનન કરતાં આવ્યા છે. કાલોલ તાલુકાના ઘુસર ગામે ગોમા નદીના પટ માંથી રેતી ખનન ને રોકવા માટે ગામના જાગૃત નાગરિક દ્વારા સ્થાનિક જીલ્લાકક્ષા થી લઈ રાજયકક્ષા સુધી ગેરકાયદેસર રેતી ખનન કરતાં ખનિજ માફિયાઓ અંગે રજુઆત કરાઈ હતી. કાલોલના ઘુસર ગામે ગેરકાયદેસર રીતે ગોમા માંથી રેતી ખનન ને રોકવા માટે સ્થાનિક ખાણ-ખનિજ વિભાગ જીલ્લા વહિવટી તંત્ર કે પોલીસ દ્વારા આવી ખનિજ ચોરી ઉપર રોકધામ માટે કાર્યવાહી કેમ કરાઈ નથી. એનકેમ ખનિજ માફિયાઓ બેખોફ બન્યા છે. તેની તપાસ માટે ગાંધીનગર ખાતેની વિજીલન્સ ટીમ કાલોલના ઘુસર ગામની મુલાકાત માટે આવવાની હતી. તે પહેલા જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સંયુકત કાર્યવાહી ઘુસર ગામે કરવામાં આવી હતી. પંચમહાલ જીલ્લા કલેકટર, જીલ્લા પોલીસવડા, ખાણ-ખનિજ વિભાગ અને વેજલપુર પોલીસને સાથે રાખીને ઘુસર ગામે સંયુકત કાર્યવાહી કરવામાં આવી હતી અન ૧૬ જેટલા રેતી ખનન કરતાં વાહનો ઝડપી પાડવામાં આવ્યા હતા અને વેજલપુર પોલીસ મથકે ગેરકાયદેસર ખનિજ ચોરીની ફરિયાદ નોંધાઈ હતી તેમજ કાયમી રીતે ઘુસર ગામેથી રેતી ખનન ને રોકવા માટે પોલીસ ચોકી ઉભી કરાઈ હતી. પોલીસ ચોકી ઉપર પોલીસકર્મી તેમજ ખાણ-ખનિજ વિભાગની ટીમને મુકવામાં આવી હતી. ઘુસર ગામે ગોમા નદીના પટ માંથી પોલીસ ચોકી ઉભી કરતા ઘુસર ગામે ગોમા માંથી રેતી ચોરી કરતાં ખનિજ માફિયાઓમાં રોક લાગી હતી. રેતી ખનન બંધ થતાં ઘુસર પંથકમાં ગ્રામજનોમાં વહીવટી તંત્રની કામગીરીની પ્રસંશા કરાઈ રહી હતી પરંતુ ઘુસર ગામે ગોમા નદીમાં ઉભી કરાયેલ પોલીસ ચોકી એક સપ્તાહમાં ઉઠાવી લેવામાં આવી હતી. તેની સાથે પૂન : ખનિજ માફિયાઓ ગેરકાયદેસર રેતી ખનન શરૂ થયેલ છે. તપાસમાં જાણવા મળ્યું કે, કાલોલ તાલુકાના ઘુસર ગામે ગેરકાયદેસરની રેતી ખનનની ફરિયાદના પગલે ગાંધીનગર થી વિજીલન્સ ટીમ તપાસમાં આવવાની હતી. ત્યારે ગેરકાયદેસર ખનિજ ચોરી થતી નથી અને સબ સલામત હોવાનો દેખાડો કરવા માટે પોલીસ ચોકી ઉભી કરીને ખનિજ માફિયાઓ ઉપર હાવ ઉભો કરવામાં આવ્યો હતો અને વિજીલન્સ ટીમ આવીને પરત ફરતા પોલીસ ચોકી હટાવી લઈને ખનિજ માફિયાઓને રેતી ખનન માટે છુટોદોર આપી દેવમાં આવ્યો હોય તેમ લાગી રહ્યું છે.

### વિજીલન્સ ટીમમાં તંત્રની પોલ ખુલે તે પહેલા દેખાવ કર્યા વિજીલન્સ ટીમ જતાં ચોકી હટાવી

### માત્ર દેખાવો કરતા ઉભી કરાઈ હતી પોલીસ ચોકી

કાલોલના ઘુસર ગામની ગોમા નદીમાં રેતી ખનન માફિયા ગણતરીના દિવસોમાં જ સક્રિય થયા. ગાંધીનગર થી આવેલ ટીમને દેખાડો કરવા માટે ઘુસરની ગોમા નદીમાં પોલીસ અને ખાણ-ખનિજ અધિકારીઓ દ્વારા નદીમાં પોલીસ ચોકી ઉભી કરવામાં આવી હતી. ગાંધીનગરની ટીમ પરત ફરતાની સાથે જ ગોમા નદીમાં ખનિજ માફિયાઓ સક્રિય થયા છે.

## ઘોઘંબા ખાતેથી "કૃષિ વૈવિધ્યકરણ યોજના" ૨૦૨૧-૨૦૨૨નો પંચમહાલ જિલ્લામાં શુભારંભ




તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ગોધરા,

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા ખાતે આવેલા તાલુકા પંચાયત કચેરી ખાતે આજરોજ રાજયકક્ષાના મંત્રી જયદ્રથસિંહ પરમારની ઉપસ્થિતિમાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો શુભારંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદહસ્તે વર્ચ્યુઅલી આ યોજનાઓ શુભારંભ કરાવવામાં આવ્યો હતો. આ યોજના દ્વારા પંચમહાલ જિલ્લાના આદિજાતિ ખેડૂતોને બિયારણ, ઓર્ગેનિક ખાતર તેમજ યુરિયા ખાતરની કીટ આપવામાં આવશે, આજરોજ ઘોઘંબા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મહાનુભાવોના હસ્તે લાભાર્થી ખેડૂતોને બિયારણ કીટ આપી જિલ્લામાં આ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા રાજયકક્ષાના મંત્રી જયદ્રથસિંહ પરમારે જણાવાયું હતું કે "કૃષિ વૈવિધ્યકરણ યોજના" રાજયના નાના અને સીમાંત આદિવાસી ખેડૂત ભાઈઓ અને બહેનોને આત્મનિર્ભર બનાવવાની દિશામાં આદિજાતિ વિભાગની એક મહત્વપૂર્ણ કાર્યક્રમ છે. આ યોજના અંતર્ગત આદિજાતિ ખેડૂતોને અડધા એકર જમીન માટે સુધારેલ જાતના શાકભાજીના બિયારણ કે કારેલા, દૂધી, ટામેટા, ભીંડા અને રીંગણમાંથી કોઈ પણ એક પાક માટેના બિયારણ અથવા મકાઈના બિયારણ ઉપરાંત ખેડૂતોને ૫૦ કિગ્રા. (એક થેલી ઓર્ગેનિક ખાતર) સાથે યુરિયાં પણ આપવામાં આવશે. રાજયના આદિજાતિ વિસ્તારોમાં ઓર્ગેનિક ખેતી તરફ વળ્યા છે તે ધ્યાનમાં રાખી ચાલુ વર્ષે ઓર્ગેનિક ખાતર પણ આપવાનું રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. આદિવાસી ખેડૂતો માત્ર પરંપરાગત ખેત પધ્ધતિ ઉપર જ નિર્ભર ન રહેતાં સુધારેલ મકાઇ તથા શાકભાજીના બિયારણ તથા ઓર્ગેનિક ખાતર અને આધુનિક ખેતીને લગતી આવશ્યક તાલીમ મેળવી વધુ ખેત ઉપજ અને વધુ આવક રળતા થાય અને તેઓનું જીવનધોરણ સદ્ઘર થાય તેવા ઉદ્ધેશથી શરૂ થયેલી આ યોજના હેઠળ અત્યાર સુધીમાં આશરે ૧૦.૦૦ લાખ આદિજાતિ ખેડૂતોને લાભો આપવામાં આવ્યા છે. ચાલુ વર્ષે ૧,૨૬,૭૦૦ લાભાર્થિઓને ૩.૩૦.૦૦ કરોડથી વધુ રકમના ખર્ચે લાભાન્વિત કરવામાં આવનાર છે. વધુમાં મંત્રી પરમારે જણાવ્યું હતું કે આપને આપવામાં આવતાં બિયારણ અને ખાતરનો યોગ્ય રીતે ઉપયોગ થાય તથા આપને જે તાલીમ આપવામાં આવે તેનું પાલન કરી આ યોજનાનો પૂરેપૂરો લાભ મેળવો અને આપની ખેત ઉપજ વધે તે દિશામાં પુરી મહેનત કરો.ખાસ કરી આદિવાસી વિસ્તાર કૃષિ આધારિત વ્યવસાય પર નિર્ભર છે. ત્યારે "કૃષિ વૈવિધ્યકરણ યોજના" આપણા માટે વિશેષ મહત્વ ધરાવે છે. ઘોઘંબા તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ કામિનીબેન સોલંકી, છોટાઉદેપુર સાંસદ ગીતાબેન રાઠવા, સામાજીક અને ન્યાય સમિતિના અધ્યક્ષ મણીબેન રાઠોડ, કાલોલ ધારાસભ્ય સુમનબેન ચૌહાણ, ઘોઘંબા તાલુકા પંચાયત પ્રમુખ મતિ રંગેશ્વરીબેન રાઠવા, ઘોઘંબા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ છેલુભાઈ રાઠવા, જિલ્લા કલેક્ટર અમિત અરોરા સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કાલોલ સરદાર ભવન ખાતે જીલ્લા કોંગ્રેસ સમિતિની સંગઠન માટે મીટીંગ મળી



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીતભાઈ ચાવડાના આદેશ સુચના અને પરિપત્ર અનુસંધાને કાલોલ તાલુકા અને કાલોલ શહેર કોંગ્રેસ સમિતિની અગત્યની મીટીંગ કાલોલ સરદાર ભવન ખાતે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અજીતસિંહ ભાટી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મંત્રી રફીક તિજોરીવાલા, જિલ્લા કોંગ્રેસના મહામંત્રી અને કાલોલના નિરીક્ષક ઉમેશ શાહની ઉપસ્થિતિમાં યોજાયેલ જેમાં પ્રદેશ કોંગ્રેસ સમિતિના પરિપત્ર મુજબ ત્રણ વર્ષથી વધુ સમયથી રહેલ તાલુકા શહેર કોંગ્રેસ પ્રમુખની જગ્યાએ સર્વ સંમતિ થી અને અભિપ્રાયથી પેનલ નક્કી કરવા કોર્ડીનેટર સંયોજકો બાકી નિમણૂકો પૂર્ણ કરી જિલ્લા પંચાયત બેઠક અને શહેરમાં વોર્ડ બેઠક મુજબ પરદેશ સમિતિએ સોપેલ કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવી તમામ ગ્રામ પ્રમાણે શહેર વોર્ડ મુજબ ૧૧ સંનિષ્ઠ કાર્યકરોની સંગઠન રચના કરવી આગામી વિધાનસભા ચૂંટણીને લક્ષમાં લઈ સંગઠન ચૂંટણીલક્ષી કામગીરી ગ્રામ વિસ્તાર સુધી વિસ્તારવી વિધાનસભા લડવા ઈચ્છતા ઉમેદવારોએ અત્યારથી વિસ્તારમાં સક્રિય રહી પ્રજાના નાના-મોટા પ્રશ્નો મુશ્કેલીઓ નિવારવા ઉપરાંત કાર્યક્રમો ગોઠવી લોક સંપર્ક ઝડપથી બનાવવા અંગે નિષ્ક્રિય હોદ્દેદારો તથા સંગઠન સેલ સંગઠન વિગેરેમાં નવા યુવાનોને તક આપી કોંગ્રેસ વિચારસરણી સાથે જોડાવા મહિલા કોંગ્રેસ યુવા કોંગ્રેસ સેવાદળ એન.એસ.યુ.આઈ સોશિયલ મીડિયા જેવા વિવિધ સાથી સંગઠનો ની પ્રવૃત્તિ વેગવંતી કરી ખાલી જગ્યા હોય ત્યાં નવનિયુક્ત કરવી જેવી બાબતે પક્ષની મળેલી મિટિંગમાં ઉપયોગી જરૂરી ચર્ચા વિચારણા થયેલ મિટિંગમાં તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરવતસિંહ પરમાર, શહેર પ્રમુખ અશોક ઉપાધ્યાય, બકી નીરવ પટેલ, પ્રદીપસિંહ પરમાર, ગુલસીંગ રાઠવા, તેજેન્દ્ર પઢીયાર, ભાવસિંહ પરમાર, દિલીપ ચૌહાણ, નરવતસિંહ ચૌહાણ, ભુપેન્દ્રસિંહ ખેર, રાજુ દવે, નસીબદાર રાઠોડ સહિત ખૂબ મોટી સંખ્યામાં પક્ષના આગેવાનો હોદ્દેદારો કાર્યકરો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## GST ખાતાની વેટ અંગેની નોટીસના સંદર્ભે ટેક્સ બાર એસોશીએશન દ્વારા સમય મર્યાદામાં મુલતવી રાખવા રજુઆત

ગોધરા,

જીએસટી સ્ટેટસ ખાતા દ્વારા વેટ અંગેની વસૂલાતના સંદર્ભમાં વેપારીઓને એસએમએસ તેમજ ઈ-મેલ દ્વારા ઉઘરાણી (વસુલાત) અંગે સુચના આપવામાં રમવી છે.

બરોડા ટેકસ બાર એ સોસીએશનના મેમ્બર્સના જણાવ્યા મુજબ આ માંથી મોટા ભિગની વસુલાતની રકમ ચૂકવાયેલ ગયેલી છે. તદુપરાંત વેરા સમાધાન યોજના ૨૦૧૫ તથા ૨૦૧૯ દ્વારા સમયસર ભરેલ રકમ દયાનમાં લેવામાં આવતી નથી.

આવા સંજોગોમાં જીએસટી સ્ટેટ ડિપાર્ટમેન્ટ દ્વારા ઊભુ કરાયેલું માંગણું સદંતર ખોટું હોઈ શકે. બરોડા ટેક્સ બાર એસોસિયેશનની રજૂઆત છે કે, અગાઉમાં વસુલાત રજીસ્ટર મેન્યુઅલ રખાતા હતા. તેને તેમજ વેરા સમાધાન યોજના -૨૦૧૫ અને ૨ ०१૯ દયાનમાં લઈને ખરેખર બાકી વસૂલાત નક્કી કરવી જોઈએ અને ત્યાં સુધી કોઈપણ વસુલાતની કાર્યવાહી હાથ ધરવી જોઈએ નહીં.

એસએમએસ તથા ઈ-મેલમાં જણાવ્યા મુજબ તારીખ ૨૪-૦૬-૨૦૨૧ની સમય મર્યાદા આપેલ છે. તે મુલતવી રાખી ખાતાએ પોતાના હિસાબ યોગ્ય રીતે ખરાઈ કરી વસુલાત કરવી જોઈએ.

## વેજલપુરના ખરસાલીયા રોડ ઉપર આવેલ ગોડાઉન માંથી કપાસીયા તેલના ૧૫૫ ડબ્બાની ચોરી કરતાં ઈસમો

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ખરસાલીયા ચોકડી પાસે આવેલ ગોડાઉનના પતરાના શટરનો નકુચો તોડી ગોડાઉન માંથી કપાસીયા તેલના ૧૫૫ ડબ્બા કિંમત ૩,૪૪,૧૦૦/-રૂપીયાની કોઇ ચોર ઈસમો ચોરી કરી જતાં ફરિયાદ નોંધાવ પામી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના વેજલપુર ગામે ખરસાલીયા રોડ ઉપર આવેલ ગોડાઉન આવેલ છે. આ ગોડાઉનને ચોર ઈસમો એ નિશાન બનાવ્યું હતું અને રાત્રીના સમયે ગોડાઉનનો પતરાનું શટરનો નકુચો કોઈ સાધન વડે તોડીને ગોડાઉનમાં પ્રવેશ કર્યો હતો અને ગોડાઉનમાં મૂકી રાખેલ રાણી કપાસીયા તેલના ૧૫ કિલોના ૧૫૫ ડબ્બા કિંમત ૩,૪૪,૧૦૦/-રૂપીયાની મત્તાની અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ જતાં આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

## ઘોઘંબાના બોરીયા ગામેથી ઈન્ડીકામાં લઈ જવાતો ૨૫ હજારના દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના બોરીયા ગામે કેનાલ પાસે રોડ ઉપર થી ઈન્ડીકા કારને પોલીસે રોકીને ચેકીંગ કરતાં ઈન્ડીકા માંથી ગોલ્ડ વ્હીસ્કીની બોટલો નંગ-૬૪ કિંમત ૨૫,૬૦૦/- રૂપીયાના દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા રાજગઢ પોલીસ બોરીયા ગામે કેનાલ પાસે પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન ઈન્ડીકા કાર નંબર જીજે.૦૬.ડીજી.૩૩૪૬ને રોકી હતી. ત્યારે ઈન્ડીકાનો ચાલક નવિનભાઈ વાહન છોડીને નાશી છુટીયો હતો. પોલીસની તપાસમાં સંજય ભચલાભાઈ રાઠવા રહે. રીછીયા, તા.ઘોઘંબા ઝડપાઈ ગયો હતો. ગાડીના ચેકીંગ દરમ્યાન ઈંગ્લીશ દારૂની ગોલ્ડ વ્હીસ્કીની બોટલો છુટી નંગ-૬૪ કિંમત ૨૫,૬૦૦/-નો જથ્થો તેમજ કાર મળી ૭૫,૦૦૦/- રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. પકડાયેલ આરોપી સંજય રાઠવાની પુછપરછ દરમ્યાન દારૂનો જથ્થો મહાસુખભાઈ વીરસીંગભાઈ રાઠવા રહે. રવાલીયા, હાલોલ એ મંગાવેલ હોવાની કબુલાત કરી હતી. આ બાબતે રાજગઢ પોલીસ મથકે સંજય રાઠવા, ગાડીના ચાલક નવિનભાઈ અને મહાસુખ રાઠવા વિરૂદ્ધ પ્રોહિબીશનને ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરાના બોરીયાવી ગામે તુટેલા વીજ વાયરોની મરામત ન કરાતા અંધારામાં રહેતા ગ્રામજનો

શહેરા,

શહેરા તાલુકાના બોરીયાવી ગામે છેલ્લા દસ દિવસથી ઉપરાંતથી વીજ રેખા તુટી પડી હોવા છતાં કંપનીએ રિપેર નહિ કરાવતા લોકોને અંધારા ઉલેચવાનો વારો આવ્યો છે.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના બોરીયાવી ગામે આવેલ માજી સરપંચ ફળિયામાં છેલ્લા દસ દિવસ ઉપરાંતથી વીજ તાર તુટી પડ્યો હોવાની જાણ લોકોએ શહેરા વીજ કચેરીમાં કરી હોવા છતાં કંપનીને આજ સુધી બોરીયાવી ગામે વીજ વાયર રિપેર કરાવવાનો સમય મળ્યો નથી. આથી લોકોને રાતે અંધારા ઉલેચવાનો વારો આવ્યો છે. એક તરફ વીજ કચેરી શહેરા તાલુકામાં તાત્કાલિક રિપેરીંગ કરી દેવામાં આવતુ હોવાનો દાવો કરે છે જયારે વાસ્તવમાં બોરીયાવી ગામે વીજ તાર તુટી પડ્યાને દસ દિવસ ઉપરાંતનો સમય વિતી ગયા પછી પણ બોરીયાવીનો વીજ તાર કેમ રિપેર કરાયો નથી જેથી લોકોને અંધારપાટમાં રહેવાનો વારો આવ્યો છે.

## ફતેપુરા તાલુકામાં કરોડો રૂપિયાના ખર્ચે પાણી પુરવઠાની યોજનાઓ તેમ છતાં ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણી માટે લોકોને વલખા મારવાનો સમય

સુખસર,

ફતેપુરા તાલુકામાં પીવાના પાણીની સુવિધા ઉપ્લબ્ધ થાય તે હેતુથી વિવિધ યોજનાઓ હેઠળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે જે પૈકી મોટાભાગનો ખર્ચ વ્યર્થ ગયો હોવાનુ જોવા મળે છે. પાણી પુરવઠા વિભાગની બેદરકારીના કારણે અનેક યોજનાઓ છતાં ગ્રામિણ વિસ્તારની પ્રજાને પીવાના પાણી માટે ફાંફા મારવાનો વારો આવ્યો છે.

ભાણાસીમલ જુથ પાણી પુરવઠા યોજના હેઠળ ફતેપુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સુવિધા ઉભી કરવા માટે કરોડો રૂપિયા ખર્ચ કરી ગામડે ગામડે પાઈપલાઈનનો તથા ટાંકીઓ બનાવવામાં આવેલ છે. જેમાંથી માત્ર ગણ્યા ગાંઠ્યા ગામડાઓમાં હાલ આ યોજનાનુ પાણી પહોંચી રહ્યુ છે. અને આ યોજના નિષ્ફળ ગઈ છે. આ યોજના દ્વારા બનાવવામાં આવેલ પાણીની ટાંકીઓમાં અન્ય કોઈ યોજના હેઠળ વર્ષો પછી પણ એક ટીપુ પણ પાણીનુ પહોંચ્યુ નથી. અને તેવા જ કેટલાંક ગામડાઓમાં ફરીથી હાલ લાખો રૂપિયાનો ખર્ચ કરી વાસ્મો યોજના હેઠળ પાણીના ભુગર્ભ ટાંકા બનાવવામાં આવી રહ્યા છે. હાલ તો આ બનાવવામાં આવી રહેલ ટાંકાઓમાં પાણી કયાંથી આવશે તે પ્રશ્ન પ્રમુખ સ્થાને છે. જો તમામ ગામડાઓમાં પીવાના પાણીની સમસ્યા દુર કરવા આયોજન કરાતુ હોય તો જે ગામડાઓમાં યોજનાન જે ટાંકા બનાવવામાં આવેલ છે અને તેમાં વર્ષો પછી પણ પાણી પહોંચ્યુ નથી તેમાં પાણી પહોંચાડવા પ્રજાના નાણાંથી સરકારે સાહસ કરવુ જોઈએ. ભાણાસીમલ યોજના હેઠળ બનાવવામાં આવેલ કેટલાંક ટાંકાઓને બાદ કરતા મોટાભાગના ટાંકાઓ સહી સલામત છે જો તેમાં પાણી પહોંચાડી શકાતુ હોય ત્યારબાદ જ નવીન ટાંકાઓ કે ભુગર્ભ ટાંકીઓ બનાવવા આયોજન કરવુ જોઈએ તેવુ પ્રજામાં ચર્ચાઈ રહ્યુ છે.




તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ ડો. પ્રતાપસિંહ ચૌહાણના માર્ગદર્શન હેઠળ અને રજિસ્ટ્રાર ડો. અનિલભાઈ સોલંકીની વિશેષ ઉપસ્થિતિમાં છારિયા પી.એચ.સી. સેન્ટરના સ્ટાફના સહયોગથી કોમર્સ કોલેજ ગોધરા ખાતે એન.એસ.એસ. દ્વારા ફ્રિ વેક્સિનેશન કેમ્પ યોજાઈ ગયો. જેમાં ૬૦ વિદ્યાર્થીઓ એ રસી લઈ આ કેમ્પને સફળ બનાવ્યો હતો. સંસ્થાના પ્રમુખ ગોપાલસિંહ સોલંકીએ રસી લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.